# અમરેલી ખાતે ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ ભૂદેવ ગૃપ દ્વારા નિવૃત્ત અધિકારીઓનો સત્કાર સમારંભ યોજાયો



અમરેલી મહાજન પાર્ટી પ્લોટ ખાતે ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ ભૂદેવ ગ્રુપ દ્વારા તાજેતરમાં નિવૃત્ત થયેલા મુખ્ય કામદાર અધિકારી ડી. એન. નાયકનો તેમજ સંજયભાઈ જોશી સ્ટેટ મોનીટરીંગ સેલનાં ચીફ મેનેજરનો સન્માન સમારંભ દવેભાઈનાં માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલ હતો. આ પ્રસંગે જિલ્લાનાં તમામ ડેપો પરનાં ભૂદેવો તેમજ આમંત્રિત મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પંડયાભાઈ, કવીરભાઈ, જોશીભાઈ, વિષ્ણુભાઈ દવે, વિભાગીય નિયામક ધામા, સોનલબેન જોશી, મમતાબેન જોશી, નથવાણીભાઈ, કરમટાભાઈ ઉપસ્થિત રહ્યા હતાં. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જીજ્ઞેશ ત્રિવેદી, પ્રશાંત જોશી, અમરીશ દવે, અમીત ત્રિવેદી, સમીર પંડયા, ચેતન ત્રિવેદી તેમજ સમગ્ર ભૂદેવ ગ્રુપ દ્વારા ભારે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો.

### તાલુકા પંચાયતનાં પુર્વ પ્રમુખ કિશોર દેથલીયાનું નિવેદન

## બાબરાનાં વલારડીથી ચિતલ વચ્ચેનો માર્ગ પુર્વ ધારાસભ્ય વિરજી ઠુંમરે મંજુર કરાવ્યો

### ૯.૫૦ કિ.મીનો માર્ગ ૨૫ મે ૨૦૨૧માં મંજુર થયો હતો

અમરેલી, તા.૧૮

બાબરાનાં ચમારડીથી ચિતલ રેલ્વે ફાટક સુધીનો ૯.૫૦ કિ.મી.નો નોન પ્લાન માર્ગ નવો બનાવવા માટે પુર્વ ધારાસભ્ય વિરજી ઠુંમર રજુઆતથી રાજય સરકારે ૨૫ મે –૨૦૨૩ના રોજ મંજુર કરાવેલ તેમ નિવેદનમાં તાલુકા પંચાયતનાં પુર્વ પ્રમુખ કિશોર દેથલીયાએ જણાવેલ છે.



તેઓએ જણાવેલ છે કે બાબરા પંથકમાં જો વિકાસ કાર્યોનું ભૂમિપુજન કે લોકાર્પણ ભાજપનાં ધારાસભ્ય કે અન્ય આગેવાનો દ્વારા થઈ રહયું છે. તે તમામ વિકાસકાર્યોની મંજુર અગાઉનાં કોંગી ધારાસભ્ય વિરજી ઠુંમરે કરાવ્યા છો. વર્તમાન શાસકો તૈયાર ભાણા ઉપર બેસીને ભોજન કરતા જોવા મળી રહયા છો. જો કે ભાજપનાં વર્તમાન સતાધીશો નવા વિકાસા કાર્યોની મંજુરી મેળવવામાં સંદતર નિષ્ફળ સાબિત થયા હોવાનું સમગ્ર પંથકની જનતા પણ સારી રીતે જાણી રહી છે.

## ખાંભા : સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ગ્રાઉન્ડમાં સફાઈ



તસ્વીર : ભાવિક કળસરીયા–ખાંભા

ખાંભા, તા. ૧૮

ખાંભા ગામે સમુહિક આરોગ્ય કેન્દ્રમાં નૂતન નિમણુક પામેલ મેડિકલ ઓફિસર ડો, મહેતા તેમજ કલાર્ક ભુવાભાઈએ સંયુકત રીતે સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત અંતર્ગત સફાઈ અભિયાન ચલાવી જેસીબીથી ગ્રાઉન્ડમાંથી ઝાડી ઝાખરા દૂર કરાવી કચરાના ગંજ દૂર કરી ખરા અર્થમાં સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત અભિયાન હાથ ધરી સામુહિક આરોગ્ય કેન્દ્ર સ્વચ્છ બનાવ્યું.

### કડકડતી ઠંડીમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો

## ખાંભાનાં ત્રાકુડાનાં ખેડૂતનાં સ્ટોનક્રશરમાંથી રૂપિયા ૮૬ હજારનાં મુદ્દામાલની ઉઠાંતરી

### સ્થાનિક પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૧૮

ખાંભા તાલુકાના ત્રાકુડા ગામે રહેતા વિનુભાઈ ધીરૂભાઈ દુધાત નામના ૫૫ વર્ષિય ખેડૂતના શ્યામ સ્ટોન ક્રશરમાં ગત તા. ૧૬/૧થી દસ દિવસ પહેલા કોઈપણ સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમે ગેરકાયદેસર પ્રવેશ કરી અને ક્રશરનાં ઈલેકટ્રીક રૂમનો લોખંડનો દરવાજો ખેડવી અંદર આવેલ પેનલ બોર્ડ તોડી પેનલ બોર્ડમાંથી પાવર સપ્લાયનાં કોપર ધાતુનાં વાયર આશરે ૨૫ ફુટ તથા એક ઈંચ જાડાઈનાં તેવા ત્રણ પાવર સપ્લાયનાં વાયર જેની કિંમત રૂપિયા ૨૫,૦૦૦ તથા પેનલ બોર્ડમાં લગાવેલ સ્ટાર્ટર સ્વીચ નંગ–૪ જેની કિંમત રૂા. ૧૦,૦૦૦ તથા તેમાં લગાવેલ કોયલ નંગ–૩ જેની કિંમત રૂપિયા ૩૦૦૦ તથા સ્ટાર્ટરમાંથી મોટર સુધી લગાવેલ સર્વિસ કેબલ વાયર જેની લંબાઈ આશરે ૨૦૦ ફુટ જેની કિંમત રૂા. ૭૦૦૦ તથા રૂમમાં રાખેલ બીડની ધાતુનાં ચકકર નંગ–૧૦ જેની આશરે કિંમત રૂપિયા ૧૦,૦૦૦ તથા આ ઈલેકટ્રીક રૂમની બહાર એક જનરેટરના આગળનાં ભાગે લગાવેલ કોપરની મેગ્નેટ સર્કીટ જેની કિંમત રૂપિયા ૧૦,૦૦૦ તથા ક્રશરનાં કન્વીનર બેલ્ટ નીચે લોખંડની પ્લેટો મુકેલ હતી. તેમાંથી એક પ્લેટ જેની લંબાઈ–પહોળાઈ આશરે ૮×૧૨ ની હોય તે લોખંડની પ્લેટ આશરે ૫૦૦ કિ.ગ્રા. વજનની આશરે કિંમત રૂા. ૧૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૮૬,૦૦૦ની મતાની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

### સાંસદ, ધારાસભ્ય અને કલેકટરને રજૂઆત

## સાવરકુંડલા મધ્યાહન ભોજન યોજના કર્મચારી મંડળ દ્વારા મ.ભો.યો.નાં નાયબ મામલતદાર ઉપર ગંભીર આક્ષેપો

### કર્મચારીનાં ત્રાસમાંથી મુકિત અપાવવા માંગ

**(પ્રતાપ ખુમાણ સાવરકુંડલા દ્વારા)**

સાવરકુંડલા, તા. ૧૮

મધ્યાહન ભોજન યોજના અંતર્ગત વિવિધ પ્રકારના વિવાદો સમયાંતરે સમગ્ર ગુજરાત રાજયમાંથી જાણવા મળ્યા કરે છે, ત્યારે સાવરકુંડલાના નાયબ મામલતદાર કે જે મધ્યાહન ભોજન યોજનાનો હાલ હવાલો સંભાળી રહ્યા છે તેમના ઉપર મ.ભો.યો.ના કર્મચારીઓએ કલેકટરને તા. ૨૬/૧૨/૨૦૨૩ના પત્ર દ્વારા ભ્રષ્ટાચાર અને લાંચ ઉઘરાવવાના અતિ ગંભીર આક્ષેપો કરવામાં આવેલા છે.આ સંયુકત રીતે કર્મચારી મંડળ દ્વારા રજૂઆત કરતા પત્રમાં ૧૦૫ સભ્યો કે જે સમગ્ર શહેર અને તાલુકામાં મ.ભો.યો. ના કર્મચારીઓ છે આ ૧૦૫ સભ્યોએ પોતાની વ્યકિતગત સહી દ્વારા પાઠવેલા સંયુકત પત્રમાં વિવિધ પ્રકારના ગંભીર આક્ષેપો નાયબ મામલતદાર ઉપર કરવામાં આવેલા છે. જેમાં મ.ભો.યો. મામલતદાર દ્વારા દરેક પાસે રોકડ રકમ માસિક નિયમિત ઉઘરાવવામાં આવે છે. નવાઈની વાત એ છે કે આ નાયબ મામલતદાર દ્વારા એક મ.ભો.યો. સંચાલકની જ વચેટીયા તરીકે નિમણૂક કરી છે જે તેમના વતી તમામ આર્થિક વહીવટ સંભાળે છે. આ ઉપરાંત મ.ભો.યો. કર્મચારી મંડળના ૧૦૫ સભ્યો એવો પણ લેખિત આક્ષેપ કરે છે કે હાલમાં એમ.ડી.એમ. યોજના અંતર્ગત સરકાર દ્વારા ભરતીની જાહેરાત સંબંધે ખૂબ મોટી રકમ ઓર્ડર કઢાવવા માટે માંગવામાં આવે છે. સરકારના એક પરિપત્ર મુજબ જે ઉમેદવારને વધુ અનુભવ હોય તેવા સંચાલકને જ અગ્રિમતા આપવી તેવી સૂચના હોવા છતાં સરકારની સૂચનાને અવગણીને લાયક સંચાલકને અન્યાય કરી પોતાના મળતીયા કે આર્થિક વ્યવહાર કરનારની પસંદગી કરવામાં આવે છે. સાવરકુંડલા મધ્યાહન ભોજન યોજના કર્મચારી મંડળના પ્રમુખ ગભરૂભાઈ બોરીચા તથા ઉપપ્રમુખ રીટાબેન તેરૈયા તથા ખજાનચી પ્રવિણાબેન સોન્ડીગરા લેખિતમાં જણાવે છે કે અમારા દ્વારા કલેકટર, સાંસદ, ધારાસભ્ય, જિલ્લા વિકાસ અધિકારી અને મુખ્યમંત્રીને આ લેખિત ફરિયાદ કરવામાં આવી છે, તેની જાણ મ.ભો.યો. નાયબ મામલતદારને થતા તેમના દ્વારા એક પછી એક સંચાલકોને રૂબરૂ પોતાની ઓફિસમાં બોલાવી ધમકાવવાનુ અને ડરાવવાનું શરૂ કર્યુ છે. જેનાથી અત્યંત સામાન્ય સાધારણ ગરીબ પરિવારના મ.ભો.યો. કર્મચારીઓ ડરી ગયા છે, અંતમાં કર્મચારીઓ એવું ઈચ્છી રહ્યા છે કે આ નાયબ મામલતદારની તાત્કાલિક બીજી શાખામાં બદલી કરી આ સમગ્ર પ્રકરણની તટસ્થતાપૂર્વક તપાસ કરવામાં આવે અને આ અધિકારીના ત્રાસમાંથી તમામ કર્મચારીઓને મુકત કરવામાં આવે. જો આ બાબતે કોઈ પગલાં નહીં લેવાય તો તમામ કર્મચારીઓ સોગંદનામાં કરી સરકાર સમક્ષ રજૂ કરી ચોક્કસ મુદત સુધી ગાંધીજીના ચિંધ્યા માર્ગે ન્યાયની માંગણી કરવાના કાર્યક્રમો યોજશે.

## સરંભડા ખાતે ભાજપનાં અગ્રણી મોટાભાઈ સંવટનાં આંગણે અક્ષત કુંભનું સ્વાગત



અમરેલી, તા. ૧૮

આગામી ૨૨,જાન્યુઆરી ના રોજ અયોધ્યા ખાતે ભવ્ય અને દિવ્ય રામજી મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાવા જઈ રહ્યોં છે. ત્યારે સમગ્ર દેશમાં અક્ષત કુંભની ઘરે ઘરે પધરામણી થઈ રહી છે ત્યારે સરંભડા ગામે અક્ષત કુંભ આવતા જિલ્લા ભાજપના આગેવાન સામાજિક અગ્રણી મોટાભાઈ સંવટના ઘરે અક્ષત કુંભની પધરામણી થતા તેનું વિધિવત પૂજન અર્ચન કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. રામજી મંદિરના પુજારી ધીરૂદાસ હરિયાણી દ્વારા સમગ્ર સરંભડા ગામમાં ઘરે ઘરે અક્ષત કુંભની પધરામણી થઈ રહી છે.ગામ મા રામજી મંદિર પ્રતિષ્ઠા મહોત્સવનો લોકોમાં ઉત્સાહ જોવા મળ ી રહ્યોં છે.

## કુંજપક્ષીનો શિકાર કરનાર આરોપીને જસાધાર રેંજ સ્ટાફ દ્વારા પકડી પાડી ધોરણસરની કાર્યવાહી



અમરેલી, તા. ૧૮

ગત તા.૧૪/૧/૨૪ ના રોજ ઉના તાલુકાના જસાધાર રેંજ હેઠળ ના કોબ ગામે કુંજપક્ષીનો શિકાર કરી તેનું માસ રાંધી ખાવા માટે કોબ ગામના જાવિદભાઈ ઉમરભાઈ શેખના ઘરે રાખેલ હોવાની બાતમી જસાધાર રેંજના રેંજ ફોરેસ્ટ ઓફિસર એલ.બી.ભરવાડનાને મળતા સ્ટાફ તથા પંચોને સાથે રાખી નાયબ વન સંરક્ષક ધારી રાજદીપસિંહ ઝાલા તથા મદદનીશ વન સંરક્ષક ઉના એમ.આર. ઓડેદરાના માર્ગદશન હેઠળ કોબ ગામે દરોડો કરતા કોબ ગામના જાવિદભાઈ ઉમરભાઈ શેખના ઘરેથી રાંધી ખાવા રાખેલ કુંજપક્ષીનું બાફેલુ તથા કાચૂં માસ મળી આવેલ હતું.

આ અંગે સઘન અને ખાનગી રાહે તપાસ કરતા આ કેસના ભાગતા–ફરતા આરોપી જાવિદભાઈ ઉમરભાઈ શેખને ભાચા ગામેથી પક્કડી પાડી પુછપરછ કરતા તેઓ દ્વારા લેરકાથી કોબ જતા રોડની પુર્વે ધરોપાટ નામે ઓળખાતા કોબ ગામના તળાવ વિસ્તારમાં કુંજપક્ષીનો શીકાર કરી તેનું માસ કાઢી લઈ બાકીના અંગો સ્થળ પર આજુ–બાજુ ફેકી માસ ખાવા માટે ઘરે લઈ ગયેલ. આ ફેકેલ અંગો આરોપીને સાથે રાખી તપાસ કરતા મળી આવતા તેના વિરૂધ્ધ વન્યપ્રાણી સંરક્ષણ અધીનીયમ ૧૯૭૨ હેઠળ ગુન્હો દાખલ કરી તા.૧૮/૧/૨૪ના રોજ ઉના કોર્ટમાં રજુ કરતા કોર્ટ દ્વારા આરોપીના એક–દિવસના રીમાન્ડ મંજુર કરેલ છે.

આ ગુન્હા કામની તપાસમાં એલ.બી. ભરવાડ, આરએફઓ જસાધાર, ફોરેસ્ટર એચ.ડી. બારોટ, વી.આર.ચાવડા, એમ.એચ. સોંદરવા, તથા રેંજના વનરક્ષક, શ્રમયોગી, ટ્રેકર્સ, જોડાયેલ છે. જયારે વન્યપક્ષી કુંજ વન્યપ્રાણી સંરક્ષણ અધીનીયમ–૧૯૭૨ મુજબ શેડયુલ–૧ થી રક્ષીત જાહેર થયેલ હોય આ ગુન્હામાં સાત વષ સુધીની સજાની જોગવાઈ છે.

# કુંકાવાવ મોટીનાં રાજકીય અને બ્રહ્મસમાજનાં અગ્રણી ડોલરભાઈ દવેનું અવસાન થતાં શોકાંજલિ પાઠવતા કેન્દ્રીય મંત્રી રૂપાલા સહિતનાં આગેવાનો



અમરેલી જિલ્લાનાં કુંકાવાવ મોટીનાં રાજકીય આગેવાન તેમજ સૌરાષ્ટ્ર કચ્છના બ્રહ્મસમાજનાં પીઢ અગ્રણી તથા સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ પરિવારના આગેવાન તેમજ કુંકાવાવ તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ સ્વ. ડોલરભાઈ દવેનું અવસાન થતા તેમના પરિવારનાં સભ્યો હસુભાઈ દવે, જીતેન્દ્રભાઈ દવે, યોગેશભાઈ દવે, વિપુલભાઈ દવે, પુનિતભાઈ દવે તથા દવે પરિવારને સાંત્વના પાઠવતા ભારત સરકારના પશુપાલન, મત્સ્ય ઉદ્યોગના કેબિનેટ મિનિસ્ટર તેમજ ભારતી જનતા પાર્ટીનાં રાષ્ટ્રીય નેતા પરશોતમભાઈ રૂપાલા તસ્વીરમાં નજરે પડે છે. તેમજ અયોધ્યા ખાતે શ્રી રામ ભગવાનના મંદિરની પ્રતિષ્ઠા વિધીનું આમંત્રણ સ્વ. ડોલરભાઈ દવેના પરિવારને આપ્યું હતું.

# ધારીનાં નાયબ વન સંરક્ષકે પૂર્વ ધારાસભ્ય ઠુંમરને વિગતો જણાવી

# અમરેલી જિલ્લામાં નિયમનું ઉલ્લંઘન કરનાર ''વિન્ડ ફાર્મ'' કંપની સામે કાર્યવાહી

**પર્યાવરણ તેમજ જાહેર માર્ગોની હાલત બગાડીને થતી કાર્યવાહી સામે ઘણા સમયથી નારાજગી ઉભી થઈ રહી છે**

**બાબરા, લાઠી તેમજ ધારી સહિતનાં પંથકમાં વિન્ડફાર્મની જુદી-જુદી ૩ કંપની નિયમોને ઘોળીને પી ગયાની ફરિયાદ**

**વર્ષ ૨૦૨૨–૨૩માં પાંચ અને વર્ષ ૨૦૨૩–૨૪માં કંપની સામે ૪ ગુન્હાઓ નોંધવામાં આવ્યા**

**વન વિભાગ માત્ર ગુન્હા નોંધી સંતોષ માને છે કે અન્ય કડક કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું**

અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લાનાં લાઠી, બાબરા, ધારી સહિતનાં વિસ્તારોમાં રાજકીય આગેવાનોની મીટ્ટીનજરતળે વિન્ડ ફાર્મ (પવનચકકી) ઉભી કરતી કિલનમેકસ, આઈનોકસ અને સિમન્સ એનર્જી નામની કંપની નાણાકીય શકિતનાં આધારે અને નાણા કમાવવાની લાલચે પર્યાવરણની ઘોર ખોદતી હોવાની ફરિયાદ અવારનવાર ઉભી થઈ રહી છે.

દરમિયાનમાં બાબરા– લાઠીનાં પૂર્વ ધારાસભ્ય વિરજી ઠુંમરે ૩૦ ઓકટોબર ૨૩નાં રોજ ઉચ્ચ કક્ષાએ આ બાબતે ફરિયાદ કરતાં ધારી ખાતે આવેલ નાયબ વન સંરક્ષક કચેરી ધ્વારા પૂર્વ ધારાસભ્યને ૯ જાન્યુઆરી ૨૪નાં "વિન્ડફાર્મ" કંપની સામે કરેલ કાર્યવાહીની વિગતો જણાવી છે.


પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં વિન્ડ ફાર્મનાં કામ કરતી કંપનીઓ જેવી કે કિલનમેકસ, આઈનોકસ, સિમન્સ એનર્જી ધ્વારા અલગ–અલગ જગ્યાઓ પર વિન્ડ ફાર્મના કામોમાં ગંભીર ક્ષતિઓ/ ગેરરીતીઓ આચરતા હોય આ કંપનીઓ ઉપર જરૂરી કાર્યવાહી થવા ગેરરીતિ બાબતેની રજૂઆતમાં જણાવેલ. જેમાં અત્રેના વિભાગ ધ્વારા ઉકત રજૂઆતમાં ગેરરીતિ કરેલ કિલન મેકસ, આઈનોકસ, સિમન્સ એનર્જી ધ્વારા અલગ–અલગ જગ્યાઓ પર વિન્ડ ફાર્મનાં કામોમાં ગંભીર ક્ષતિઓ/ ગેરરીતિ બાબતે વર્ષ ૨૦૨૨–૨૩ના વર્ષ દરમ્યાન ભારતીય વન અધિનિયમ– ૧૯૨૭ની કલમોના ભંગ બદલ કુલ પાંચ ગુન્હાઓ નોંધવામાં આવેલ તેમજ વર્ષ ૨૦૨૩–૨૪માં પણ ભારતીય વન અધિનિયમ–૧૯૨૭ની કલમોના ભંગ બદલ કુલ ચાર ગુન્હાઓ નોંધવામાં આવેલ કુલ ૯ ગુન્હાઓ નોંધાયેલ. સદરહું રજૂઆત અન્વયે વન વિભાગ ધ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે તેમ અંતમાં જણાવેલ છે.

હવે જોવા નું એ રહ્યું કે વન વિભાગ માત્ર ગુન્હાઓ નોંધવાની કામગીરી કરી સંતોષ માને છે કે પછી કડક કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું.

### આગામી સોમવારે રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને

## અમરેલીનાં સાજી સવાઈ મંદિરનાં ધર્મગુરૂ કાકા સાહેબ તરફથી ગામેગામ ઉજવણી કરવા અનુરોધ

**દરેક ગામનાં મંદિરમાં મહોત્સવની ઉજવણી કરવા સંદેશ**





અમરેલી, તા. ૧૮

અમરેલીનાં સાજી સવાઈ મંદિરનાં ધર્મગુરૂ કાકા સાહેબ, શ્રી ભાઈલાલભાઈ વશરામભાઈ ધાનાણી તરફથી સાજી સવાઈનાં દરેક ગામોનાં મંદિરોમાં રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરવાનો સંદેશ આપવામાં આવેલ છે.

લાંબા સંઘર્ષ પછી વિષ્ણુ ભગવાનના સાતમા અવતાર પ્રભુશ્રી રામ ની વિજયી શોભાયાત્રા સાથે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આગામી પોષ સુદ, બારસ, વિક્રમ સંવત ૨૦૮૦ સોમવાર તા.૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના શુભદિવસે થશે. પ્રભુ શ્રીરામનું બાળ સ્વરૂપ નૂતન રીતે, શ્રીરામ જન્મભૂમિ ઉપર બની રહેલું નવુ મંદિર જેના ભૂતળ ના ગર્ભગૃહમાં તેની પ્રાણ પ્રતિષ્ઠા થશે. આ અવસરે અયોધ્યામાં એક અભૂતપૂર્વ આનંદનું વાતાવરણ લાગશે. આ પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે ભજન, કીર્તન, શંખધ્વનિ, ઘંટનાદ, આરતી, પ્રસાદ વિતરણ વગેરે ધાર્મિક પ્રવૃત્તિઓ કરી અયોધ્યામાં થઈ રહેલ પ્રાણ–પ્રતિષ્ઠા મહોત્સવ ને વધાવી લેશો.

પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે સાંજના સૂર્યાસ્ત પછી આપણા તમામ મંદિરો તેમજ પોતાના ઘરની પાસે દેવતાઓને પ્રસન્ન કરવા માટે દીવા પ્રગટાવવા, દીપમાલિકા શણગારવી. આપણી સાથે વિશ્વના કરોડો ઘરોમાં દીપોત્સવ મનાવાશે.

## બાબરા : ભાડુઆતનો કબ્જો નકારતી કોર્ટ

બાબરા, તા. ૧૮

બાબરા ગામે ભીમનાથ રોડ ઉપર આવેલ કરશનગીરી શંભુગીરીની માલીકીની દુકાનમાં ભાડુઆત રમણીકભાઈ લલ્લુભાઈ ૪૫ વર્ષથી ભાડુઆત હોઈ તેમજ કરશનગીરીનાં વારસોએ ભાડાવાળી મીલકતનો કબજો ગેરકાયદેસર મેળ વી લીધેલ હોવા મતલબનો દાવો ભાડુઆતે કરેલ તેમજ ભાડાવાળી મીલકતમાં પુનઃસ્થાપીત કરવા દાદ માંગેલ તે કામે સામાપક્ષે સલીમ જસાણી એડવોકેટએ પુરાવાનાં અંતે રેન્ટ એકટ અનવયેની કાયદાકીય જોગવાઈ અન્વયેની વિગતવાર દલીલો રજૂઆતો કરેલ તે માન્ય રાખી બાબરા કોર્ટ ભાડુઆત રમણીકભાઈનો દાવો ના–મંજુર કરેલ છે.

## વડિયા બાંટવાદેવળી રોડ નવો બનાવવા તાલુકા પંચાયત સદસ્યની રજૂઆત



વડિયા, તા. ૧૮


વડિયાથી ગોંડલ રાજકોટ રોડ બાંટવાદેવળી સુધી અતિ બિસ્માર હાલતમાં અને મગરમચ્છની પીઠ સમાન છે તે નવો રસ્તો બનાવવા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને લેખીતમાં રજૂઆત કરવામાં આવી છે.

આમ તો અમરેલી જિલ્લાનો છેવાડાનો તાલુકો વડિયા છે ત્યારે વડિયા થી ગોંડલ જેતપુર અને રાજકોટ સાથે નો રોજીંદો વ્યવહાર વધુ પડતા પ્રમાણમાં રહે છે વડિયાથી હોસ્પિટલ કે અન્ય ખરીદી માટે કે પછી નોકરી કરતા લોકોને આ જ રસ્તે અવર જવર અપડાઉન કરતા કરે છે. ત્યારે વડિયા થી બાંટવાદેવળી સુધી માત્ર પાંચ કિલોમીટરના રોડ પર રીતસરના ફુટ ફુટના ખાડા પડી ગયા છે માટે આ રોડ તાત્કાલિક ધોરણે નવો બનાવવામાં આવે એવી માંગણી ઉઠી છે વડિયાથી માત્ર પાંચ કિલોમીટરના અંતરે બાંટવાદેવળી ગામ આવ્યું છે અને ત્યાંથી રાજકોટ જિલ્લાની સરહદ આવી જાય છે અને અમરેલી જિલ્લાની સરહદપૂર્ણ થાય છે ત્યારે આ વડિયા થી બાંટવાદેવળી સુધીનો રોડ નવો મંજૂર કરી બનાવવામાં આવે તેવી રજૂઆત છે.

### માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત છતાં પણ અભ્યાસ કરાવે છે

## સા.કુંડલાની સનરાઈઝ સ્કૂલનાં અંગ્રેજી ભાષાનાં શિક્ષકની વિદ્યાર્થીઓ પ્રત્યે સમર્પણની ભાવના

**સ્કૂલનાં ટ્રસ્ટી, આચાર્યએ કાર્યને બિરદાવ્યું**




સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા સનરાઈઝ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાના અંગ્રેજી ભાષાના શિક્ષકનું પોતાના વિદ્યાર્થીઓ પ્રત્યે સંપૂર્ણ સમર્પણની ભાવના નું એક ઉમદા ઉદાહરણ બહાર આવ્યું છે.

વિગત એવી છે કે સનરાઈઝ સ્કુલમાં અંગ્રેજી શિક્ષક કમલેશભાઈ તેરૈયાને થોડા દિવસો પહેલા બાઈક ઉપર એકસીડન્ટ થયેલો અને પગમાં ફ્રેકચર થયેલું એટલે આખા પગમાં ફ્રેકચરનો પાટો આવેલો જેના કારણે પગ એકદમ સીધો જ ૩૦ દિવસ સુધી રાખવાની પરેજી પાળવી પડે તેમ હતી અને હાલમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડની એકઝામ પણ નજીક આવી રહી હતી ત્યારે તેઓએ પોતાની તબિયતની ચિંતા કર્યા વગર શાળાએ રિક્ષા મારફત આવવા જવાની શરૂઆત કરી અને દાદર ચડી ઉતરી શકે તેમ ન હોવાથી ગ્રાઉન્ડ ફલોર ઉપર જ બેઠા બેઠા પોતાનું શિક્ષણ કાર્ય શરૂ કરી દીધું હતું આમ આ સમયમાં પણ પોતાની તબિયતની પરવા કર્યા વગર વિદ્યાર્થીઓના ભાવિને પ્રથમ પ્રાથમિકતા આપતા આવા શિક્ષકો પણ છે અને જેનું આ એક ઉમદા ઉદાહરણ બહાર આવ્યું છે ત્યારે શિક્ષકની શિક્ષણ પ્રત્યેની અને વિદ્યાર્થીઓ પ્રત્યેની પોતાની ઉમદા ભાવનાને મેનેજીંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણ તથા પ્રિન્સિપાલ સોનલબેન મશરૂ તથા વાઈસ પ્રિન્સિપાલ જી.એમ.રાવળ દ્વારા બિરદાવવામાં આવી હતી.

## સરસિયા કુમાર શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો



અમરેલી, તા. ૧૮

સરસિયા કુમાર શાળાના સ્ટાફ–પરીવાર દ્વારા આયોજનબદ્ધ બાળકોને તા. ૧૨/૧/૨૦૨૪નાં રોજ શૈક્ષણિક પ્રવાસ કરાવ્યો. જેમાં આદિનાથનાં દર્શન, જૈન દેરાસરો–પાલિતાણા, રીઝીઓનલ સાયન્સ સેન્ટર ભાવનગરમાં વિવિધ દરિયાઈ જીવસૃષ્ટિ, ચક્રની ઉત્પતિ અને માનવ વિકાસનાં વિવિધ તબક્કા, ઓટો મોબાઈલનાં વિવિધ મોડયુલ, વિજ્ઞાનને લગતી વિવિધ ગેલેરી તથા 5જી પિકચરનું ખાસ નિદર્શન તેમજ રાજપરા ખોડિયાર માતાજી મંદિર...જેવા ભૌગોલિક, વૈજ્ઞાનિક અને ધાર્મિક સ્થળોનો મહત્વ સાથે પ્રવાસ કરેલ. તે શાળા આચાર્ય તેજાણી આશિષભાઈની યાદીમાં જણાવેલ.

























### કોરોનાના નવા વેરિયન્ટના કેસમાં દેશમાં ઝડપી વધારો

# દેશના ૧૭ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં કોવિડના જેએન-૧ વેરિયન્ટનો પગપેસારો

## ભારતીય સાર્સ-કોવ-૨ જીનોમિક્સ કન્સોર્ટિયમના ડેટા મુજબ સૌથી વધુ કેસ કર્ણાટકમાં નોંધાયા, ગુજરાતમાં ૭૬ કેસ, દેશમાં કુલ ૧૨૨૬ કેસ

નવી દિલ્હી, તા.૧૮

દેશમાં ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં કોવિડ-૧૯ સબ વેરિયન્ટ જેએન.૧નો પેસારો થયો છે. અત્યાર સુધીમાં નવા વેરિયન્ટના કુલ ૧૨૨૬ કેસ સામે આવ્યા છે. સૌથી વધુ કેસ કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં નોંધાયા છે. આ માહિતી ઈન્સાકોગે ગુરુવારે આપી છે. ભારતીય સાર્સ-કોવ-૨ જીનોમિક્સ કન્સોર્ટિયમ (ઈન્સાકોગ)ના ડેટા મુજબ સૌથી વધુ કેસ કર્ણાટકમાં નોંધાયા છે.

જેએન.૧ સબ-વેરિયન્ટ શું છે ?

દેશમાં જેએન.૧ સબ-વેરિયન્ટનો પ્રથમ કેસ ઓગસ્ટમાં સામે આવ્યો હતો. નવો વેરિયન્ટ ઓમિક્રોન નો સબ-વેરિયન્ટ બીએ.૨.૮૬માંથી ઉદભવ્યો છે. ૨૦૨૨ની શરૂઆતમાં કોરોના કેસોમાં વધારો થવાનું મુખ્યકારણ બીએ.૨.૮૬ જ હતો. બીએ.૨.૮૬ વધુ ફેલાયો ન હતો, પરંતુ તેને નિષ્ણાંતોની ચિંતા વધારી દીધી હતી, કારણ કે, બીએ.૨.૮૬માં સ્પાઈક પ્રોટીન પર વધારાના પરિવર્તનો થયા હતા અને તેની જેમ જેએન.૧ના સ્પાઈક પ્રોટીનમાં પણ એક વધારાનું પરિવર્તન થયું છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, વિશ્વસ્તરે કેસોમાં વધારો થાય બાદ સામે આવ્યું છે કે, જેએન.૧ ઓમિક્રોનું સબ-વેરિયન્ટ છે, જે મજબૂત ઈમ્યૂનિટી ધરાવતા લોકોને પણ સરળતાથી સંક્રમિત કરી શકે છે. યૂએસ સેન્ટર ફૉર ડિજીજ કંટ્રોલ (સીડીસી)એ નવા વેરિયન્ટને ઝડપી ફેલાતો હોવાનો ખુલાસો કર્યો છે.

સીડીસીના જણાવ્યા મુજબ કોરોનાના નવા વેરિયન્ટ જેએન.૧થી પીડિત દર્દીમાં તાવ, ઠંડી લાગવી, ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ, થાક, માથું દુઃખવું, સ્નાયુમાં દુઃખાવો, સ્વાદ અથવા ગંધ પારખવામાં સમસ્યા, ગળામાં ખરાશ, નાક વહેવું, ઉબકા, ઉલટી અને ઝાડા જેવા લક્ષણો જોવા મળે છે. જોકે કેટલાક કેસોમાં લક્ષણો દર્દીની ઈમ્યૂનિટી પર નિર્ભર છે.

નવા વેરિયન્ટમાં ચોંકાવનારી બાબત સામે આવી છે કે, સ્વસ્થ થવા છતાં દર્દીમાં લક્ષણો યથાવત્ રહે છે, જેમાં માથું દુઃખું, થાક લાગવો, શ્વાસની સમસ્યા સામેલ છે. ડૉક્ટરોનું કહેવું છે કે, ઓછામાં ઓછા ૪થી ૬ અઠવાડિયા બાદ દર્દી આ લક્ષણોમાંથી બહાર આવે છે. અગાઉ પબ્લિક હેલ્થ ડાયરેક્ટરની સલાહે આપી હતી કે, લગ્ન પ્રસંગે, ટ્રેન કે બસ તેમન જે જગ્યાઓએ ખૂબ ભીડ હોય તેવી જગ્યાએ માસ્ક પહેરવું હિતાવહ છે. તે માત્ર કોવિડ જ નહિ પરંતુ હવાથી ફેલાતી અન્ય બીમારીથી પણ તમારું રક્ષણ કરશે. પરંતુ હાલ માસ્કને ફરજીયાત કરવાની કોઈ જરૂરિયાત નથી.

વડીલો, ગર્ભવતી મહિલાઓ અને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોએ ભીડવાળી જગ્યાએ જવાનું ટાળવું જોઈએ. જો જવું જરૂરી હોય તો માસ્ક જરૂર પહેરવું જોઈએ. તેમજ જેમને શરદી, ઉધરસ કે શ્વાસની તકલીફ છે તેમણે પણ ભીડવાળી જગ્યાએ માસ્ક પહેરીને રાખવું જોઈએ.

વેરિયન્ટની ગંભીર અસરને રોકવા માટે વેક્સીન અસરકારક કરી છે પરંતુ ઘણા લોકોની નબળી રોગપ્રતિકારક શક્તિ પણ જોવા મળી છે. કારણે કે જે લોકોએ વેક્સીનના બે ડોઝ લીધા છે તેઓ પણ સંક્રમિત થયા છે. જેએન.૧ ને તેની ટ્રાન્સ-મિસિબિલિટીને કારણે ડબલ્યુએચઓદ્વારા 'વેરિયન્ટ ઓફ ઈન્ટરેસ્ટ' તરીકે ઓળખવામાં આવે છે. ભારત સહિત ઘણા દેશોમાં રસીના અપડેટેડ વર્ઝન પહેલેથી જ ઉપલબ્ધ છે, જેથી ગભરાવાની જરૂર નથી. બસ સાવધાની જરૂરી છે.

### કોવિડ વેરિયન્ટ જેએન.૧નો ૧૭ રાજ્યોમાં પગપેસારો....

| | |
|---|---|
| કર્ણાટક | ૨૩૪ કેસ |
| આંધ્રપ્રદેશ | ૧૮૯ કેસ |
| મહારાષ્ટ્ર | ૧૭૦ કેસ |
| કેરળ | ૧૫૬ કેસ |
| પશ્ચિમ બંગાળ | ૯૬ કેસ |
| ગોવા | ૯૦ કેસ |
| ગુજરાત | ૭૬ કેસ |
| રાજસ્થાન | ૩૭ કેસ |
| તેલંગણા | ૩૨ કેસ |
| છત્તીસગઢ | ૨૫ કેસ |
| દિલ્હી | ૧૬ કેસ |
| ઉત્તર પ્રદેશ | ૦૭ કેસ |
| હરિયાણા | ૦૫ કેસ |
| ઓડિશા | ૦૩ કેસ |
| ઉત્તરાખંડ | ૦૧ કેસ |
| નાગાલેન્ડ | ૦૧ કેસ |

### દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલના ભાજપ પર આક્ષેપ

# એજન્સી મારપીટ કરીને ખોટા નિવેદન લખાવે છે : કેજરીવાલ

## મને જે ૪ નોટિસ મોકલાઈ હતી, તે કાયદાની દ્રષ્ટિએ ગેરકાયદેસર છે, તેને કોર્ટે રદ કરી છે : દિલ્હીના મુખ્યમંત્રી

નવી દિલ્હી, તા.૧૮

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના સમન્સની સતત ચોથી વખત અવગણ કરી ઈડી અને ભાજપપર ગંભીર આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું, 'હું લોકસભા ચૂંટણીમાં પ્રચાર ન કરી શકું, તેથી તેમનો હેતુ મારી ધરપકડ કરવાનો જ છે.

આવું રાજકીય કાવતરા હેઠળ કરવામાં આવી રહ્યું છે.' કેજરીવાલે એવો પણ આરોપ લગાવ્યો છે કે, એજન્સી આરોપીઓ સાથે મારપીટ કરી ખોટા નિવેદનો કરાવી રહી છે. ઉપરાંત તેમણે એવું પણ કહ્યું કે, ભાજપ ઈડીને ચલાવી રહ્યો છે.

કેન્દ્રીય એજન્સી ઈડીએ કેજરીવાલને ચોથા સમન્સ પાઠવી ૧૮ અથવા ૧૯ જાન્યુઆરીએ બોલાવ્યા હતા, જે અંગે કેજરીવાલે કહ્યું કે, 'મને જે ૪ નોટિસ મોકલાઈ હતી, તે કાયદાની દ્રષ્ટિએ ગેરકાયદેસર છે. ઈડીએ જ્યારે પણ આવી જનરલ નોટિસો મોકલી, તેને કોર્ટે રદ કરી છે. આ નોટિસ ગેરકાયદે કેમ છે, તે અંગે મેં ઈડીને લખીને મોકલ્યું છે, પરંતુ તેનો જવાબ અપાયો નથી.

કેજરીવાલે વધુમાં કહ્યું, 'રાજકીય ષડયંત્ર હેઠળ નોટિસ મોકલવામાં આવી રહી છે. આ તપાસ બે વર્ષથી ચાલી રહી છે. બે વર્ષથી કશું જ મળ્યું નથી. આ અંગે ઘણા કોર્ટે વારંવાર પુછી ચુકી છે કે, કેટલાક નાણાંની રિકવરી થઈ? કોઈ સોનું મળ્યું? કોઈ જમીન અથવા ડોક્યુમેન્ટ મળ્યા? ક્યાંય કશું મળ્યું નહીં. ખોટા-સાચા આરોપો, લોકોને માર મારીને ખોટા-સાચા નિવેદનો લેવામાં આવી રહ્યા છે.'

તેમણે કહ્યું, 'બે વર્ષથી તપાસ ચાલી રહી છે, લોકસભા ચૂંટણીના બે મહિના પહેલા અચાનક મને નોટિસ મોકલી કેમ બોલાવાયો? ભાજપવાળાઓ ચારેતરફ ફરીને કહી રહ્યા છે કે, કેજરીવાલની ધરપકડ કરીશું. ભાજપવાળાને કેવી રીતે જાણ થઈ કે, મારી ધરપકડ કરશે. ભાજપ ઈડી ચલાવી રહ્યું છે. ચૂંટણી પહેલા મારી હાલ ધરપકડ કેમ કરાશે? કારણ કે તેઓ ઈચ્છતા નથી કે હું પ્રચાર કરું. સમન્સ અને તમામ કવાયતનો હેતુ છે કે, લોકસભા ચૂંટણીપહેલા કેજરીવાલની ધરપકડ કરી તેમને પ્રચારથી રોકો, મેં આજે જવાબ આપ્યો, આગળ જોઈએ, શું થાય છે.'

### ભોજનની થાળીમાં હવે રોટલી મોંઘી થવાની શક્યતા

# દેશના સરકારી વેરહાઉસમાં ઘઉંનો સ્ટોક સાત વર્ષની નીચલી સપાટીએ

## એફસીઆઈઅને રાજ્યની એજન્સીઓ પાસે ઘઉંનો કુલ સ્ટોક ૧૬૩.૫ લાખ ટન જ હતો, જે સાત વર્ષમાં સૌથી ઓછો

નવી દિલ્હી, તા.૧૮

ભોજનની થાળીમાં સૌથી મહત્ત્વપૂર્ણ વસ્તુ એટલે કે રોટલી જ હવે વધુ મોંઘી થઈ શકે છે કારણ કે દેશભરના સરકારી વેરહાઉસમાં ઘઉંનો સ્ટોક સાત વર્ષની નીચલી સપાટીએ પહોંચી ગયો છે. સત્તાવાર માહિતી અનુસાર ૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ) અને રાજ્યની એજન્સીઓ પાસે ઘઉંનો કુલ સ્ટોક ૧૬૩.૫ લાખ ટન જ હતો, જે સાત વર્ષમાં સૌથી ઓછો છે. અગાઉ ૨૦૧૭માં દેશભરના વેરહાઉસમાં ૧૩૭.૫ લાખ ટન ઘઉંનો સ્ટોક નોંધાયો હતો.

છેલ્લા સાત વર્ષમાં સૌથી વધુ સ્ટોક ૨૦૨૧માં નોંધાયો હતો. ત્યારે ઘઉંનો કુલ સ્ટોક ૩૪૨.૯૦ લાખ ટન હતો. ૨૦૨૨માં તે ઘટીને ૩૩૦.૧૨ લાખ ટન અને ૨૦૨૩માં ૧૭૧.૭૦ લાખ ટન રહી ગયો હતો. જોકે, વર્તમાન ભંડાર કેલેન્ડર વર્ષની શરૂઆત માટે ૧૩૮ લાખ ટનના લઘુતમ બફર સ્ટૉક કરતાં વધુ છે. ભવિષ્યમાં કોઈ પણ વસ્તુની અછતને પહોંચી વળવા માટે જે સ્ટૉક કરવામાં આવે છે તેને 'બફર સ્ટોક' કહેવાય છે. એટલે કે ૩૦ લાખ ટનનો સ્ટોક ત્રણ મહિનાની ૧૦૮ લાખ ટનની ઓપરેશનલ જરૂરિયાત અને કોઈપણ ખરીદીની અછતને પહોંચી વળવા માટે રિઝર્વ રખાય છે.

સરકારી વેરહાઉસના ડેટા દર્શાવે છે કે ૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ચોખાનો સ્ટોક ૫૧૬.૫ લાખ ટન હતો, જે ૭૬.૧ લાખ ટનના સ્ટાન્ડર્ડ ન્યૂનતમ બફર સ્ટૉક કરતાં વધુ છે. જો આપણે ચોખા અને ઘઉંના સ્ટોકને એકસાથે લઈએ તો આ આંકડો ૬૮૦ લાખ ટન સુધી પહોંચી જાય છે, જે ૨૧૪.૧ લાખ ટનના બફર સ્ટોક કરતાં ત્રણ ગણો વધુ છે.

વર્તમાન સમયમાં ઘઉંનો સ્ટૉક ત્યારે ઘટ્યો છે જ્યારે સપ્ટેમ્બર ૨૦૨૨ થી નવેમ્બર ૨૦૨૩ સુધી સતત ૧૫ મહિના સુધી ફુગાવો ડબલ ડિજિટમાં રહ્યા બાદ ડિસેમ્બરમાં છૂટક અનાજની કિંમતો વાર્ષિક ધોરણે ૯.૯૩ ટકા વધી છે.

આ ઘટાડો સતત બે વર્ષ દરમિયાન ઘઉંના ઓછા ઉત્પાદનને કારણે થયો છે, જેના કારણે રાજ્ય સંચાલિત એજન્સીઓએ ખાનગી સંસ્થાઓને વધુ વેચાણ કરવાની ફરજ પડી છે.

ગયા વર્ષે વિશ્વના બીજા સૌથી મોટા ઘઉંના ઉત્પાદક ભારતે ઘઉંની નિકાસ કરવાનું બંધ કરી દીધું હતું કારણ કે ગરમીને કારણે ઘઉંનું ઉત્પાદન પુષ્કળ પ્રમાણમાં થઈ શક્યું ન હતું અને રશિયા તથા યુક્રેન યુદ્ધને કારણે વૈશ્વિક ભાવમાં વધારો થઈ ગયો હતો.

### ૪ કલાકના વિધિ-વિધાન બાદ રામલ્લા બિરાજમાન

# રામલલ્લાની મૂર્તિને આસન પર સ્થાપિત કરવામાં આવી

## મૂર્તિને કપડાંથી ઢાંકી દેવાઈ છે જે ૨૨મીએ થનારી પ્રાણ પ્રતિષ્ઠામાં ખુલશેઃ મૂર્તિકાર યોગીરાજ અને ઘણા સંતો હાજર

અયોધ્યા, તા.૧૮

અયોધ્યાથી મોટા સમાચાર સામે આવ્યાં છે. આખરે અયોધ્યાના રાજા રામ તેમના સિંહાસન પર બેસી ગયા છે. ૪ કલાકના વિધિ-વિધાન બાદ રામલલ્લાની પ્રતિમાને ગર્ભગૃહના આસાન પર સ્થાપિત કરી દેવામાં આવી છે. જોકે મૂર્તિને કપડાંથી ઢાંકી દેવાઈ છે જે ૨૨મીએ થનારી પ્રાણ પ્રતિષ્ઠામાં ખુલશે.

૪ કલાક ચાલેલા મંત્રોચ્ચાર અને જાપ બાદ પ્રતિમાને આસાન પર બેસાડવામાં આવી હતી. આસન પર સ્થાપિત કરાયા બાદ પ્રતિમાને ચહેરાથી ઢાંકી દેવામાં આવી છે જે ૨૨મી જાન્યુઆરીએ ખુલશે. ઉદ્ઘાટનના ૪ દિવસ પહેલા રામ મંદિરની નવી તસવીરો પણ સામે આવી છે. એક તસવીર બહારથી આખા રામ મંદિરના બિલ્ડિંગની છે. બીજી તસવીરમાં દિવાલ પર કોતરવામાં આવેલી શ્રી રામના વિશિષ્ટ ભક્ત હનુમાનજીની પ્રતિમા જોવા મળે છે. ત્રીજી તસવીરમાં શ્રી નારાયણ અને દેવી લક્ષ્મીની મૂર્તિ દિવાલ પર કોતરવામાં આવી છે, જેમાં નારાયણ શયનમુદ્રામાં છે. મંદિરમાં ૩ દિવસથી વિધિ ચાલી રહી છે. રામલલા પોતાના ત્રણ ભાઈઓ સાથે જૂના ઘરેથી નવા રામ મંદિર પહોંચ્યા છે. રામલલાની નવી મૂર્તિ પણ રામ મંદિર અયોધ્યા પહોંચી ગઈ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૧ જાન્યુઆરીએ અયોધ્યા પહોંચશે અને ૨૨ જાન્યુઆરીની સવારે સરયૂ નદીમાં સ્નાન કરીને રામ મંદિર જશે, પરંતુ તેઓ પ્રાણ પ્રતિષ્ઠા સમારોહના યજમાન નહીં હોય, પરંતુ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય અનિલ શર્મા અને તેમની પત્ની ઉષા મુખ્ય યજમાન બનશે. ૨૨ જાન્યુઆરીએ મંદિરના ગર્ભગૃહમાં હાજર રહેનાર પાંચ લોકોના નામ પણ ફાઈનલ થયાં છે જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, આરએસએસ પ્રમુખ મોહન ભાગવત, યુપીના રાજ્યપાલ આનંદીબેન પટેલ, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રામ મંદિર પ્રમુખ આચાર્ય સત્યેન્દ્ર દાસ સામેલ છે.

પ્રાણ પ્રતિષ્ઠા' એ જૈન ધર્મ અને હિન્દુ ધર્મમાં એક લોકપ્રિય ધાર્મિક વિધિ છે. આ અંતર્ગત કોઈ દેવતાની મૂર્તિને પવિત્ર કર્યા બાદ મંદિર જેવા પવિત્ર સ્થાન પર સ્થાપિત કરવામાં આવે છે. મૂર્તિઓની સ્થાપના સમયે, પૂજારીઓ વૈદિક સ્તોત્રોના જાપ વચ્ચે અનેક ધાર્મિક વિધિઓ કરે છે. પ્રાણ શબ્દનો અર્થ જીવનશક્તિ અને પ્રતિષ્ઠાનો અર્થ થાય છે સ્થાપના. પ્રાણ પ્રતિષ્ઠા અથવા અભિષેક સમારોહનો અર્થ એ છે કે મૂર્તિમાં પ્રાણ ફૂંકવા.

### અવિવાહિત છોકરીઓ માટે મહત્વપૂર્ણ ચુકાદો

# અવિવાહિત છોકરીઓ પણ માતા-પિતા દ્વારા ગુજરાન ભથ્થાંની હકદાર

## ભલે છોકરીઓ કોઈ પણ ધર્મ કે ગમે તે ઉંમરની હોય દેશના ઘરેલું હિંસા અધિનિયમ હેઠળ તેને ગુજરાન ભથ્થું આપવું જ પડશે

અલ્હાબાદ, તા.૧૮

અલ્હાબાદ હાઈકોર્ટ અવિવાહિત છોકરીઓ માટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટ પોતાના એક નિર્ણયમાં સ્પષ્ટ કર્યું છે કે, અવિવાહિત છોકરીઓ પણ માતા-પિતા દ્વારા ગુજરાન ભથ્થાંની હકદાર છે. કોર્ટે પોતાના આદેશમાં એ પણ કહ્યું કે, ભલે છોકરીઓ કોઈ પણ ધર્મ કે ગમે તે ઉંમરની હોય દેશના ઘરેલું હિંસા અધિનિયમ હેઠળ પરિવારજનોએ તેને ગુજરાન ભથ્થું આપવું જ પડશે.

આ મામલો ત્રણ બહેનોનો છે. આ ત્રણેય બહેનોનો આરોપ હતો કે, તેમના પિતા અને તેમની સાવકી માતા તેમની સાથે ઘરેલુ હિંસા આચરતી હતી. હાઈકોર્ટ પહેલા આ મામલો નીચલી આદાલતમાં પહોંચ્યો હતો. જ્યાં નીચલી અદાલતે માતા-પિતાને ત્રણેય છોકરીઓને ગુજરાન ભથ્થાં આપવાનો વચગાળાનો આદેશ આપ્યો હતો.

નીચલી આદાલતના આ આદેશને છોકરીઓના પિતા નઈમુલ્લાહ શેખએ અલ્હાબાદ હાઈકોર્ટમાં પડકાર્યો હતો જેને હવે હાઈકોર્ટે ફગાવી દીધો છે. હાઈકોર્ટના આ આદેશથી હવે આ પ્રકારના અન્ય કેસોની સુનાવણી અને નિર્ણયો ઝડપથી આવશે.

સુનાવણી દરમિયાન છોકરીઓના વકીલે હાઈકોર્ટને જણાવ્યું હતું કે, તેમના પિતા અને સાવકી માતા તેમની સાથે ઘરેલુ હિંસા કરતા હતા. તેઓ તેમની સાથે અપશબ્દોનો ઉપયોગ પણ કરે છે અને મારપીટ પણ કરે છે. આ બધાથી ત્રણેય બહેનો પરેશાન છે. આવી સ્થિતિમાં તેમના પિતાએ તેમની જવાબદારી નિભાવવી જોઈએ અને તેમને ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ હેઠળ ગુજરાન ભથ્થું આપવું જોઈએ.

બીજી તરફ છોકરીના પિતા વતી કોર્ટમાં હાજર વકીલે દલીલ કરી હતી કે, ત્રણેય છોકરીઓ પુખ્ત છે. એટલું જ નહીં તેઓ નોકરી કરે છે અને પોતાનો ખર્ચ જાતે ઉઠાવી શકે છે. આવી સ્થિતિમાં નીચલી અદાલતનો નિર્દેશ કે માતા-પિતા તેમને અમુક પ્રકારનું ગુજરાન ભથ્થું આપે તે માન્ય નથી અને તેને ફગાવી દેવો જોઈએ.

### જાન્યુઆરીના અંતમાં કમોસમી વરસાદ આવશે

# મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ઠંડીનું જોર વધે તેવી શક્યતા

## વાદળછાયા વાતાવરણના લીધે ઠંડીથી આંશિક રાહત થઈ ગાંધીનગરમાં ૧૧ ડિગ્રી તો ડીસામાં ૧૧.૫ ડિગ્રી તાપમાન

અમદાવાદ, તા.૧૮

આખરે રાજ્યમાં હાડ થીજવતી ઠંડી અનુભવાઈ છે. ૮.૪ ડિગ્રી તાપમાન સાથે આજે ગાંધીનગર સૌથી ઠંડુગાર રહ્યું છે. તો નલિયા ૯.૮, ડીસા ૧૦.૧, અમદાવાદ ૧૧.૧, વડોદરા ૧૨, રાજકોટ ૧૨.૪ ડિગ્રી તાપમાન રહ્યું. જોકે, હજી વધુ ઠંડી પડશે. આગામી દિવસોમાં વધુ પવન ફૂંકાય તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગના એક્સપર્ટસે જણાવ્યું કે, આગામી દિવસોમાં ઉત્તરીય પવન ફૂંકાઈ શકે છે. જેને કારણે ઠંડીનું પ્રમાણ વધશે. ખાસ, કરીને હાલ નલિયા તરફ પવનો ફૂંકાઈ રહ્યાં છે. જ્યારે મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના ભાગો પર ઉત્તરીય પવનો ફૂંકાવાને કારણે ઠંડીનું પ્રમાણ વધુ છે. તેમજ દરિયા કાંઠાના વિસ્તારોમાં ખાસ કરીને નલિયા પશ્ચિમ દિશઆના પવનો ફૂંકાતા હોવાથી ત્યાંનું તાપમાન મધ્ય ગુજરાતની સરખામણીએ વધુ ઠંડું છે. જોકે, આગામી દિવસોમાં મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ઠંડીનું જોર વધશે. હાલ સમગ્ર ગુજરાતમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું છે.

આજે નલિયા કરતા પણ વધુ ઠંડી ગાંધીનગરમાં નોંધાઈ છે. ગાંધીનગરમાં ૧૧ ડિગ્રી તાપમાન, જ્યારે કે નલિયામાં ૧૨.૮ ડિગ્રી નોંધાયું છે. અમદાવાદમાં ૧૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. તો ડીસામાં ૧૧.૫ ડિગ્રી અને વડોદરામાં ૧૨.૪ ડિગ્રી તાપમાન નોંધાયું. રાજકોટમાં ૧૪.૮ ડિગ્રી અને સુરતમાં ૧૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હાલ રાજ્યમાં પવનની ગતિ ઉત્તર પશ્ચિમથી ઉત્તરીય દિશા તરફ છે.

જાન્યુઆરી મહિનામાં એકવાર તો માવઠું આવી ગયું, ત્યારે હવે ફરીથી કમોસમી વરસાદની આગાહી આવી ગઈ છે. ભૂમધ્ય સાગરમાં ફરી એકવાર ચક્રવાત આવવાનો છે.

જેની અસર ભારતના પશ્ચિમભાગ ઉપર અસર થશે, પરંતુ ગુજરાત પર તેની અસરથી કમોસમી વરસાદ આવશે. ૨૪ થી ૨૬ જાન્યુઆરીએ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ગુજરાતમાં જોવા મળશે. જેની અસરના ભાગ રૂપે કચ્છ, પશ્ચિમ સૌરાષ્ટ્રમાં વરસાદની શક્યતા છે. જયારે ગુજરાતનાં અન્ય ભાગોમાં વાદળવાયુ વાતાવરણ રહેવાની શક્યતા છે.

૧૯ જાન્યુઆરીએ પણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે. જેના કારણે રાજ્યમાં વાદળવાયુ વાતાવરણ રહેશે. ઉનાળાને લઈ આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી એવી છે કે, આ વર્ષે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ નબળા આવવાને કારણે હિમ નદી ઉપર અસર થશે. હિમ નદીઓ ઉપર અસર થવાને કારણે ગ્લેશિયર પીગળવાને કારણે ઉનાળો વહેલો આવવાની શક્યતા છે. ઉનાળામાં કાળઝાળ ગરમી પડવાની શક્યતા છે.

૧૯ ફેબ્રુઆરીથી હળવી ગરમીની શરૂઆત થશે. ૨૦ એપ્રિલથી વધુ અને ૨૬ એપ્રિલથી આકરી ગરમી વેઠવાનો વારો આવશે.

### રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠાને લઈને તૈયારી જોરમાં

# નરેન્દ્ર મોદીએ રામમંદિરની ટપાલ ટિકિટ બહાર પાડી

## વડાપ્રધાને રામ મંદિર, ભગવાન ગણેશ, હનુમાન, જટાયું, કેવટરાજ અને માતા શબરીની ટપાલ ટિકિટ બહાર પાડી

નવી દિલ્હી, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રી રામ જન્મભૂમિ મંદિર પર સ્મારક ટપાલ ટિકિટ બહાર પડી છે.સાથે વિશ્વભરમાં ભગવાન રામ પર જાહેર કરેલી ટિકિટોની એક પુસ્તકનું પણ વિમોચન કર્યું હતું.

વડાપ્રધાને કુલ છ ટપાલ ટિકિટ બહાર પાડી, જેમાં રામ મંદિર, ભગવાન ગણેશ, હનુમાન, જટાયું, કેવટરાજ અને માતા શબરીનો સમાવેશ થાય છે. ૪૮ પાનાના પુસ્તકમાં અમેરિકા, ન્યુઝીલેન્ડ, સિંગાપોર, કેનેડા, કંબોડિયા અને સંયુક્ત રાષ્ટ્ર જેવા સંગઠનો સહિત ૨૦થી વધુ દેશો દ્વારા જાહેર કરાયેલ ટપાલ ટિકિટોનો સમાવેશ થાય છે.

અયોધ્યામાં ૨૨મી જાન્યુઆરીએ રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. ત્યારે રામલલાની મૂર્તિ આખરે રામ મંદિર પરિસરમાં પહોંચી ગઈ છે. બુધવારે રાત્રે રામલલાની મૂર્તિને ક્રેનની મદદથી રામ મંદિર પરિસરની અંદર લઈ જવામાં આવી હતી. રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા પહેલા તેમનું આસન પણ તૈયાર કરી દેવાયું છે. રામલલાનું આસન ૩.૪ ફૂટ ઊંચું છે, જે મકરાણા પથ્થરથી બનેલું છે.

આ પહેલા રામ મંદિર પરિસરમાં રામલલાની પ્રતિકાત્મક પ્રતિમાને ભ્રમણ કરાવાયું હતું. આ મૂર્તિને ફૂલોથી શણગારેલી પાલખીમાં અહીં લવાઈ હતી. અગાઉ મંગળવારે સવારે રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ કહ્યું કે રામ મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયું છે. રામલલાના મંદિરમાં ગર્ભગૃહ હશે જ્યાં પાંચ મંડપ હશે. મંદિર ગ્રાઉન્ડ ફ્લોર પર હશે. જો કે મંદિરના પહેલા માળે હજુ પણ થોડું કામ બાકી છે. અહીં રામ દરબાર યોજાશે. મંદિરનો બીજો માળ ધાર્મિક વિધિઓ માટે છે. અહીં વિવિધ પ્રકારના યજ્ઞો અને અનુષ્ઠાન થશે. તેમણે જણાવ્યું કે શુભ મુહૂર્ત ૨૨મી જાન્યુઆરીના રોજ બપોરે ૧૨.૩૦ વાગ્યે હશે. તેનાથી પહેલા પૂજા વિધિ શરૂ કરી દેવાઈ છે.

### રામલ્લાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને તૈયારી

# ૨૨ જાન્યુઆરીએ કેન્દ્ર સરકારે અડધો દિવસની રજા જાહેર કરી

નવી દિલ્હી, તા.૧૮

અયોધ્યા નગરીમાં ભવ્ય રામ મંદિરમાં થનારા રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને પૂરજોશમાં તૈયારી ચાલી રહી છે તેમજ દેશભરમાં રામ ભક્તોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકારે આજે એક મોટી જાહેરાત કરી છે. જેમાં ૨૨ જાન્યુઆરીએ રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સના દિવસે કેન્દ્રિય સરકારની કચેરીઓ અડધા દિવસ માટે બંધ રહેશે.

કેન્દ્રીય રાજ્ય મંત્રી જિતેન્દ્ર સિંહે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે આ નિર્ણય જનભાવનાઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે પોતાના આદેશમાં કહ્યું છે કે "અયોધ્યામાં ૨૨ જન્યુઆરીએ યોજાનારા રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને સમગ્ર ભારતમાં ઉજવવામાં આવશે" કર્મચારીઓ આ મહોત્સવમાં ભાગ લઈ શકે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે કે સમગ્ર ભારતમાં કેન્દ્ર સરકારની તમામ કચેરીઓ, કેન્દ્રીય સંસ્થાઓ અને કેન્દ્રીય ઔદ્યોગિક સંસ્થાઓ ૨૨ જાન્યુઆરીએ બપોરે ૨:૩૦ વાગ્યા સુધી અડધા દિવસ માટે બંધ રહેશે. ઉલ્લેખનીય છે કે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને ધ્યાનમાં રાખીને ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, ગોવા, હરિયાણા અને છત્તીસગઢમાં આખા દિવસની રજા જાહેર થઈ ચૂકી છે ત્યારે હવે ગુજરાત સરકારના નિર્ણય તરફ મીટ મંડાઈ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રી રામ જન્મભૂમિ મંદિર પર સ્મારક ટપાલ ટિકિટ બહાર પડી છે.સાથે વિશ્વભરમાં ભગવાન રામ પર જાહેર કરીલી ટિકિટોની એક પુસ્તકનું પણ વિમોચન કર્યું હતું. વડાપ્રધાને કુલ છ ટપાલ ટિકિટ બહાર પાડી, જેમાં રામ મંદિર, ભગવાન ગણેશ, હનુમાન, જટાયું, કેવટરાજ અને માતા શબરીનો સમાવેશ થાય છે. ૪૮ પાનાના પુસ્તકમાં અમેરિકા, ન્યુઝીલેન્ડ, સિંગાપોર, કેનેડા, કંબોડિયા અને સંયુક્ત રાષ્ટ્ર જેવા સંગઠનો સહિત ૨૦થી વધુ દેશો દ્વારા જાહેર કરાયેલ ટપાલ ટિકિટોનો સમાવેશ થાય છે.

# લાઠીનાં કાચરડી ખાતે સંપનું ભૂમિ પૂજન કરતા ધારાસભ્ય જનક તળાવીયા










લાઠી તાલુકાના કાંચરડી ગામે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના અધયક્ષ સ્થાને પીવાના પાણીના સ્ટોરેજ માટે અંદાજે એક લાખ ચાલીસ હજાર લીટરની કેપેસીટીના સંપનું નવનિર્માણ થવા જઈ રહ્યું છે આ સંપ રૂપિયા પાંચ લાખની ખર્ચે નવનિર્માણ પામવાનો છે ગામે પાણીનું સ્ટોરેજ વધારવાના હેતુસર પાણી પુરવઠા વિભાગ દ્વારા આ સંપ બનાવવામાં આવનાર છે.આ સંપના ખાતમુહૂર્ત પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લા પંચાયતના પૂર્વ ચેરમેન ઘનશ્યામભાઈ રાઠોડ, તાલુકા પંચાયત સદસ્ય હિંમતભાઈ રાઠોડ, ગામના સરપંચ ગોબરભાઈ રાઠોડ,ગામ આગેવાન વનરાજભાઈ રાઠોડ, ગોરધનભાઈ ધામેલીયા, લાલજીભાઈ રાઠોડ, બચુભાઈ ખીચડીયા, સુરેશભાઈ સોજીત્રા, મકાભાઈ ધામેલીયા, માવજીભાઈ ધામેલીયા, વલ્લભભાઈ સિંઘવ, સંગ્રામભાઈ રબારી, નાનજીભાઈ રાઠોડ સહિતના ગામ આગેવાનો તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો તેમજ પાણી પુરવઠા વિભાગ લીલીયાના કૌશિકભાઈ દવે તેમજ હેમુભાઈ પંડયા સહિતનાઓ હાજર રહ્યા હતા આ પ્રસંગે કામ ગુણવત્તા સભર થાય તે અંગેની તકેદારી રાખવા ધારાસભ્ય દ્વારા જણાવવામાં આવ્યું હતું.

### વેપારીઓએ દિવાળી જેવો માહોલ બનાવ્યો

## ભૈ વાહ : અમરેલીનાં ટાવરચોકમાં શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને ઝગમગાટ

### બજારને નવોઢાની જેમ શણગાર કરવામાં આવ્યો



અમરેલી, તા. ૧૮

આગામી તા.૨૨ના રોજ અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામની મૂર્તિના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો ઉમંગ અમરેલી શહેર સહિત સમગ્ર દેશ વિદેશમાં પ્રવર્તિ રહ્યો હોય, ત્યારે અમરેલી શહેરની શાન સમા ટાવરને લાઈટીંગ, લબક ઝબક સિરીઝ, ધજા પતાકા તથા કેસરીયા ધ્વજથી અમરેલી ટાવર ચોક વેપારી ચેરીટેબલ ટ્રસ્ટના નેજા નીચે કંસારા બજાર, સ્ટેશન રોડ, દાણાબજાર, તથા જુની બજારના વેપારીઓ દ્વારા બજારોને નવોઢાની જેમ શણગારી ભગવાન શ્રી રામની મૂર્તિના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈ દિવાળી જેવો માહોલ ઊભો કરેલ છે.જયારે અમરેલી શહેરના માણેકપરા વિસ્તારમાં આવેલ ગણેશ કોમ્પલેક્ષના વેપારીઓ દ્વારા પણ ભગવાનશ્રી રામની મૂર્તિના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગણેશ કોમ્પલેક્ષને પણ શણગાર સજાવવામાં આવેલ છે.અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામની મૂર્તિના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને હવે ગણતરીનો સમય બાકી હોય અમરેલી શહેરના લોકો અમરેલીને શણગાર સજવા માટે થનગની રહયું હોય તેમ લાગી રહયુંછે.


## અમરેલીના લાપાળીયામાં અક્ષત કળશનું સ્વાગત



અમરેલી, તા. ૧૮

અમરેલી તાલુકાના લાપાળીયા ગામે અયોધ્યાથી પૂજિત અક્ષતનો કળશ આવી પહોંચતા વાંજતે ગાજતે સામૈયુ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રથમ શિવમંદિર ખાતે કળશ પધરાવ્યા બાદ રામજી મંદિર ખાતે પૂજારી મણીબેન હરિરામબાપુ ગોંડલિયા દ્વારા કળશ પધરાવાયો હતો.

## અમરેલીનો ગાંધીબાગ ભગવાન શ્રીરામનાં રંગે રંગાશે



અમરેલી, તા. ૧૮

ભગવાન શ્રીરામચંદ્રજીના ભવ્ય મંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આગામી ૨૨ જાન્યુઆરીના રોજ તીર્થભૂમિ અયોધ્યા ખાતે યોજાશે. અને એક અભૂતપૂર્વ ઈતિહાસ રચાશે. ભગવાનશ્રી રામ જન્મભૂમિ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને હર્ષોલ્લાસ સાથે ઉજવવા માટે બી.એ.પી. એસ. સ્વામિનારાયણ મંદિર, અમરેલી તરફથી પણ તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સને ૧૯૮૯માં અમદાવાદ મુકામે શ્રી રામશિલાનું પ્રથમ પૂજન કરીને શ્રીરામ મંદિરના પાયામાં પોતાની ભકિત અદા કરી હતી.પ.પૂ. મહંતસ્વામી મહારાજે શ્રીરામ મંદિરના ગર્ભમાં સ્થાપન કરવાના શ્રીરામયંત્રનુંપૂજન કરી ભકિતઅર્થ અર્પણ કર્યુ હતું.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે આવેલ ગુણાતીત સભાગૃહ ખાતે વિશાળ સ્ક્રીન ઉપર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું જીવંત પ્રસારણ દર્શાવવામાં આવશે. તેમજ બપોરના સમયે તમામ હરિભકતો બી.એ.પી.એસ. મંદિરે ઉપસ્થિત રહી, મહા આરતીમાં જોડાશે.

સમગ્ર વિશ્વ ભગવાનશ્રી રામના રંગે રંગાવા જઈ રહ્યું છે, ત્યારે અમરેલી શહેરના નજરાણા સમાન ગાંધીબાગ પણ તેમાંથી બાકાત નથી. ગાંધીબાગને પણ ભગવાનશ્રી રામના રંગે રંગવામાં આવ્યું છે. આગામી તા.૨૦ અને ૨૧ના રોજ નાના બાળકો માટે ભગવાનશ્રી રામની વેષભુષાના વસ્ત્ર–પરિધાન તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં નાના બાળકો ભગવાનશ્રી રામના વસ્ત્રો ધારણ કરી, સેલ્ફી પોઈન્ટ ઉપર પોતાનો ફોટો લઈ શકે તેવું આયોજન કરવામાં આવેલ છે.

સાથોસાથ ભગવાનશ્રી રામ મંદિરની પ્રતિકૃતિ સમી ભવ્ય રંગોળી બનાવવામાં આવશે. તેમજ સાંજના ૬:૩૦ કલાકે પૂ.સંતો તથા હરિભકતોની ઉપસ્થિતિમાં ગાંધીબાગ ખાતે મહાઆરતીનું આયોજન કરેલ છે.

ગાંધીબાગને રોશનીથી શણગાર કરવામાં આવ્યો છે. સાથોસાથ ભગવાનશ્રી સિતારામજીના દર્શન સ્પોટ ઉભો કરવામાં આવેલ છે. સંધ્યા આરતી તથા દર્શનનો લાભ લેવા પધારવા પ્રેમવતી ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી ધર્મપ્રેમી ભકતોને સહર્ષ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### રામ કે સાથ સાથ, સિયા કે સંગ સંગ

## સા.કુંડલાનાં કલરવ બગડા નામનાં ૧૫ વર્ષનાં બાળકે અદ્ભૂત ગીત બનાવ્યું

### ધારાસભ્ય કસવાલાએ કર્યુ સન્માન





અમરેલી, તા. ૧૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મનમાં હોય તે લોકોના હર્દયનીમાં સ્થાપિત થઈ જતું હોય છે, ત્યારે અયોધ્યામાં ભગવાન શ્રીરામ ની ૨૨ તારીખે પ્રાણ પ્રતિષ્ઠાને લઈને દેશ વિદેશ રામમય વાતાવરણ સર્જાયું છે ને રામ મંદિર પર અનેક ગીતો લોન્ચ થઈ રહ્યા છે ત્યારે આજે રામ કે સાથ સાથ... સિયાં કે સંગ સંગ.... ઓ મોદી ચલ..... નું અસ્મરણીય સોંગ હ્રદયના તાર ઝણઝણાવી નાખે તેવું માત્ર ૧૫ વર્ષના બાળકે તૈયાર કરીને સંત ભકિત બાપુ અને ભાજપના નેતા અને ધારાસભ્ય મહેશ કસવોલાના અટલ ધારા કાર્યલાય ખાતે લોન્ચ કરવામાં આવ્યું હતું. કાર્યાલય ખાતે રામ કે સાથ સાથ સિયા કે સંગ સંગ આજની સંસ્કૃતિ સાથે ગુજરાતી લ્યકા આખું સોંગ અદ્ભૂત તૈયાર કરવામાં આવ્યું છે. આ સોંગ ઝિંઝુડાનાં સંત રાધિકા દાસ બાપુએ તૈયાર કર્યુ છે. જયારે સમગ્ર કમ્પીજીશન ૧૫ વર્ષના બાળ કલાકાર કલરવ બગડાએ તૈયાર કર્યુ હોય ત્યારે કલરવ બગડા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિચારોને પ્રેરાઈને અસ્મરણીય સોંગ તૈયાર કર્યુ હોવાનું જણાવ્યું હતું.


પુત્રના લક્ષણ પારણાંમાંથી તેવી ગુજરાતી કહેવત છે કલરવ બગડાના પિતાશ્રી પત્રકારત્વ ક્ષેત્રે સારી એવી ખ્યાતિ નામના ધરાવે છે પિતાના નકશે કદમ પર નહિ પણ સંગીત પ્રત્યે સંવેદનશીલ બનીને કલરવ બગડાએ સોનેરી સિધ્ધિ આ રામ કે સાથ સાથ સિયા કે સંગ સંગ ઓ મોદી ચલ ગીત પર ધારાસભ્ય મહેશ કસવાલા અને સંત ભકિત બાપુ આફિન પોકારી ઊઠયા હતા ને કલરવ બગડાને સન્માનિત કર્યો હતો.


અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાનો અનેરો ઉત્સાહ દેશ વિદેશમાં રામમય વાતાવરણ સર્જાયું છે ત્યારે રામ કે સાથ સાથ.... સિયાકે સંગ સંગ......ઓ મોદી ચલ....... કલરવ બગડાનું અસ્મરણીય સોંગ લોંચ થઈને હાલ ધૂમ મચાવી રહ્યું છે ને ભાજપના નેતાઓ સાથે સનાતની ધર્મમાં માનનારા પણ મોદીના અયોધ્યામાં રામ મંદિર સ્થાપીત કરવાના દ્રઢ પ્રભાવથી સુપર ડુંપર સોંગ દરેકનાં હૈયામાં વસી ગયું છે.

# અમરેલી જિલ્લાની મુલાકાતે રાજયપાલ આચાર્ય દેવવ્રત









રાજયપાલ આચાર્ય દેવવ્રતજી આજે અમરેલી જિલ્લાની મુલાકાતે પધાર્યા છે. રાજયપાલની પ્રેરક ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લાના બગસરા સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે 'દિવ્યમૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા' મહોત્સવનો દિવ્ય અને ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. બગસરા સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે 'દિવ્યમૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા'મહોત્સવ અંતર્ગત રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની ગરિમાપૂર્ણ ઉપસ્થિતમાં ગે આધારિત 'પ્રાકૃતિક કૃષિ' પરિસંવાદ સંમેલન પણ યોજાયું હતું. ઉપરાંત રાજયપાલએ ગૌશાળાની પણ મુલાકાત લીધી હતી અને ગૌ માતાનું પૂજન કર્યુ હતુ. રાજયપાલ આચાર્યદેવવ્રતજીએ જણાવ્યુ હતું કે, સમગ્ર વિશ્વમાં આજે ગ્લોબલ વોર્મિંગના કારણે અનેક પ્રકારની સમસ્યાઓ થઈ રહી છે. જળ, જમીન અને વાયુનું પ્રદૂષણ વધી રહ્યું છે તેવા સમયે સમગ્ર દેશમાં ગૌ આધારિત 'પ્રાકૃતિક કૃષિ' ની આવશ્યકતા છે. ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ એ આજના સમયની આવશ્યકતા છે. 'રસાયણમુક્ત – ઝેરમુક' ખેતી થકી જ આપણી જમીનને પ્રદૂષિત થતી અટકાવી સ્વસ્થ આહાર મેળવી શકાય તેમ છે, સ્વસ્થ આહાર થાકી આરોગ્યને સુરક્ષિત બનાવી શકાય છે. ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ સંમેલન પ્રસંગે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રેરક ઉદ્બોધનમાં કહ્યુ કે, ભારત એ ગુરૂ – શિષ્ય પરંપરા ધરાવતો દેશ છે. આપણી સંસ્કૃતિમાં નારી દેવી સમાન છે. ગુજરાતમાં કૃષિ,ઉદ્યોગ સહિતના ક્ષેત્રમાં વિકાસ થઈ રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું વિકાસનું વિઝન મિશન સતત આગળ ધપી રહ્યું છે.ગુજરાતના વિકાસમાં સ્વામિનારાયણ સહિતના તમામ સંપ્રદાયના સંતોનો અમૂલ્ય ફાળો છે.આ સંપ્રદાય અને સંતો સમાજ સુધારણાનું પણ કાર્ય કરી રહ્યા છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સંતગણ ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ તરફ વળવા ખેડૂતોને આહ્વાન કરી રહ્યા છે જે સરાહનીય કાર્ય છે. રાજયપાલએ વધુમાં કહ્યુ કે,ગુજરાત ખાતે વિશ્વની પ્રથમ પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી સહિતની સંસ્થાઓ પ્રાકૃતિક કૃષિનો પ્રચાર અને પ્રસાર કરી રહી છે.સ્વામિનારાયણ મંદિર દ્વારા પ્રાકૃતિક કૃષિના વ્યાપને વધારવા માટે સહકાર મળી રહ્યો છે. ખેતી માટે ઉપયોગમાં લેવામાં આવતા રસાયણોથી જમીનને નુકશાન થાય છે તેના લીધે ખેતી ખર્ચ વધે છે અને ખેત ઉત્પાદન ઘટે છે. ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીએ જૈવિક ખેતીથી ભિન્ન છે. ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીમાં ખર્ચ ઘટવાની સાથે જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદન વધે છે.ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીથી જમીનમાં અળસિયા,સૂક્ષ્મ જીવાણુનું પ્રમાણ વધે છે.પ્રાકૃતિક ખેતી અપનાવવાથી ગૌ સંવર્ધન,લોકોના સ્વાસ્થ્ય અને પર્યાવરણ રક્ષણ, ખેડૂત અને દેશનું ધન બચે છે.રાજયપાલએ સૌ ખેડૂતોને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટે આહ્વાન કર્યુહતું. આ સંમેલનમાં ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીના કુલપતિ ડો.સી.કે.ટીંબડીયાએ બગસરા તાલુકાના પાંચ ગામોમાં ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અભિયાન અપનાવવા અંગેની વિગતો જણાવી હતી. રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ, બગસરા સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે 'દિવ્યમૂર્તિપ્રાણ પ્રતિષ્ઠા' મહોત્સવ નિમિત્તે સૌને અભિનંદન પાઠવ્યા હતા. સ્વામિનારાયણ મંદિર ખાતે 'દિવ્યમૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા' મહોત્સવ કાર્યક્રમમાં મહામહિમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીનુંહારથી સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે,ગુજરાત રાજયના રાજયપાલનો આજે તા.૧૮મી જાન્યુઆરીએ જન્મ દિવસ છે.કાર્યક્રમમાં ઉપસ્થિત બગસરાના સ્વામિનારાયણ મંદિરના પૂજય સંતઓએ રાજયપાલને જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી. જિલ્લાના પ્રાકૃતિક કૃષિ કરતા ૧૧ પ્રગતિશીલ ખેડૂતોએ ૧૧ પ્રાકૃતિક કૃષિ ખેત પેદાશની ભેટ અર્પણ કરી રાજયપાલના જન્મદિવસ નિમિત્તે રાજયપાલનુ અભિવાદન કર્યુ હતું. બગસરા સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે 'દિવ્યમૂર્તિપ્રાણ પ્રતિષ્ઠા' મહોત્સવ ઉપરાંત ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ સંમેલન કાર્યક્રમમાં પૂજય સદગુરૂ લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી,પૂજય સદગુરૂ વિવેકસ્વરૂપદાસજી સ્વામી,પૂજય સદગુરૂ નિત્ય સ્વરૂપદાસજી સ્વામી, વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, પ્રાકૃતિક કૃષિના ગુજરાત રાજયના કન્વીનર મહાત્મા પ્રફુલભાઈ સેંજલીયા, દલસુખભાઈ હિરપરા, ટ્રસ્ટી રાકેશભાઈ દુધાત, જિલ્લા કલેકટર અજય દહિયા,બગસરા પ્રાંત અધિકારી નંદા અને બહોળી સંખ્યામાં ભકતજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ ખાતે અયોધ્યા રામ મંદિરથી આવેલ અક્ષત(ચોખા) કળશની પધરામણી








યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર ધામ ખાતે અયોધ્યા રામ મંદિરથી આવેલ અક્ષત(ચોખા) કળશની પધરામણી કરવામાં આવી હતી. તેમજ કળશનું ભવ્ય સ્વાગત ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતાએ કરી કળશને મસ્તક પર લઈને ઢોલ નગારા સાથે ભવ્ય સ્વાગત કર્યુ હતું. માતાજીનાં મંદિરમાં પધરાવીને મહાઆરતી કરવામાં આવી હતી તેમજ નરેન્દ્રભાઈ મોદીનાં કહ્યા મુજબ ૫ દીવડા પ્રગટાવી કળશનું પૂજન કરવામાં આવ્યું હતું. તેમજ હોસ્ટેલનાં બધા બાળકોએ કળશના દર્શન કરી રામ ધૂનનાં નારા સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંજયભાઈ મહેતા, પ્રદ્યુમનભાઈ જોશી તેમજ આર.એસ.એસ.નાં સભ્યો તેમજ યુવાનો ગામ અગ્રણીઓ અને ભાજપનાં અગ્રણીઓ જોડાયા હતા. આગામી ૨૨ તારીખના રામ મંદિર મહોત્સવ ભવ્ય રીતે સંસ્થાનાં વડા પૂ. રતિદાદાએ સર્વેજનોને આહવાન કર્યુ હતું.

## અવસાન નોધ

**ખાંભા :** નૈરોબી કેન્યા નિવાસી સ્વ. સત્યવતીબહેન દેવજીભાઈ જેઠવા તે મોચી સમાજના દાનવીર રત્ન સ્વ. દેવજીભાઈ હમીરભાઈ જેઠવાના ધર્મપત્ની તથા જયભારતભાઈ નૈરોબી તથા સ્વર્ગસ્થ દેવેન્દ્રભાઈ યુકે તથા સુરેન્દ્રભાઈ યુકે તથા સુનિલભાઈ તેમજ હેમંતભાઈ નાયરોબીના માતૃશ્રી તથા ખાંભા નિવાસી ભીખુભાઈ જેઠવા બાટાવાળાના કાકીનું નૈરોબી મુકામે તારીખ ૧૮/૧/ ૨૪ ના રોજ અવસાન થયેલ છે.

**અમરેલી :** પાણીયા(કલુબાઈ) સ્વ. હંસાબેન ભાભલુભાઈ વાળા (ઉ.વ. ૬૦) તે ઉદયભાઈ તેમજ શિવરાજભાઈ અને અનક ભાઈનાં માતૃશ્રીનું અવસાન તા. ૧૬/૧/૨૪નાં રોજ થયેલ છે. તેમની તા. ૨૩/૧/૨૪નાં રોજ ઉત્તરક્રિયા અને તા. ૨૪/૧/૨૪નાં રોજ પાણીઢોળ રાખેલ છે.

**ચિતલ :** ચિતલ નિવાસી ગિરાસદાર : સરવૈયા સ્વ. કાળુભા નવલસિંહનાં ધર્મ પત્નિ ગં.સ્વ. પુરીબા (૭૪) તે દીલીપસિંહનાં ભાભી તથા લખધીરસિંહ સરવૈયાનાં માતુશ્રી તથા રઘુવીરસિંહ તથા યુવરાજસિંહનાં ભાભુમા તેમજ રાજવિર સિંહનાં દાદીમાંનું ગત તા.૧૭/૧/૨૦૨૪ને બુધવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૧ | ૧૩૮૮ |
| ૨ | તલ સફેદ | ૨૪૦૦ | ૩૧૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૭૫ | ૧૪૫૫ |
| ૨ | મગફળી | ૧૧૯૮ | ૧૩૦૨ |
| ૩ | ચણા | ૮૯૨ | ૧૦૪૮ |
| ૪ | ઘઉં | ૪૮૯ | ૬૨૧ |
| ૫ | તુવેર | ૧૫૨૫ | ૧૭૫૫ |
| ૬ | સોયાબીન | ૮૭૯ | ૯૦૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૭૫ | ૧૨૯૫ |
| ૨ | શિંગ મોટી | ૭૮૦ | ૧૩૯૬ |
| ૩ | તલ સફેદ | ૨૪૦૫ | ૩૧૫૦ |
| ૪ | તલ કાળા | ૩૦૪૦ | ૩૦૫૯ |
| ૫ | તલ કાશ્મીરી | ૪૦૪૫ | ૪૧૭૬ |
| ૬ | બાજરો | ૪૪૭ | ૫૨૭ |
| ૭ | જુવાર | ૬૦૫ | ૭૮૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૯૩ | ૬૬૦ |
| ૯ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૯૪ |
| ૧૦ | અડદ | ૧૫૫૦ | ૧૭૯૫ |
| ૧૧ | ચણા | ૮૯૦ | ૧૦૮૩ |
| ૧૨ | તુવેર | ૧૬૫૦ | ૧૯૧૫ |
| ૧૩ | કપાસ | ૯૬૦ | ૧૪૪૧ |
| ૧૪ | એરંડા | ૧૦૮૦ | ૧૧૧૮ |
| ૧૫ | રાય | ૧૨૧૫ | ૧૨૧૫ |
| ૧૬ | ધાણા | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૧૭ | અજમા | ૧૫૪૦ | ૨૫૨૦ |
| ૧૮ | સોયાબીન | ૮૬૮ | ૮૯૫ |
| ૧૯ | મરચા લાંબા | ૧૦૩૦ | ૩૮૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં કે.કે. પાર્ક સોસાયટીમાં**

વોરન્ટ આધારે કબ્જો મેળવી બન્ને આરોપીઓની સઘન પુછપરછ કરતા આરોપીઓએ અમરેલી સીટી પોલીસ સ્ટેશનના આઈપીસી કલમ–૩૮૦, ૩૭૯, ૪૫૭ મુજબના ગુન્હાની કબુલાત આપેલ હતી. તેમજ ગુજરાતના અલગ–અલગ જિલ્લાઓમાં તથા મહારાષ્ટ્ર રાજય ખાતે ચોરી કરેલ હોવાની ચોંકાવનારી વિગત જણાવેલ છે અને પકડાયેલ આરોપીઓ ચોરી કરતા પહેલા રેલ્વે પટરી પાસે આવેલી સોસાયટીઓના બંધ રહેણાંક મકાનોની રેકી કરી રાત્રી દરમ્યાન ચોરીને અંજામ આપતા હોવાની વિગત જણાવેલ છે. તેમજ પકડાયેલ ચોર ઈસમો પાસેથી ઉપરોકત બન્ને ગુન્હાઓમાં ચોરી થયેલ લેનોવો કંપનીનું લેપટોપ તથા હોન્ડા કંપનીની શાઈન મોટર સાયકલ કબ્જે કરવામાં આવેલ છે અને હાલ આ બન્ને ચોર ઈસમોના રીમાન્ડ મેળવી અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાએ આગળની તપાસ હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં ધાર્મિક સ્થાનોમાં**

મંદિર, ઉતાવળા હનુમાન મંદિર, પરમસુખ હનુમાનજી દાદા, રામેશ્વર મહાદેવ મંદિર, શોરાવાડી હનુમાનજી મંદિર, કાશીવિશ્વનાથ મહાદેવ મંદીર, ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે તથા મેલડી ચોકમાં સફાઈ અભિયાન શરૂ કરવામાં આવ્યું. જયારે સાવરકુંડલા તાલુકાના ગોરડકા, દેતડ, જીરા, જુનાસાવર, કેરાળા, ખાલપર, મેકડા, ઘોબા, પીપરડી, ઝડકલા, કાંત્રોડી, નાળ , ઠવી, વિરડી, મોટાભમોદ્રા, શેલણા, વંડા, પીયાવા, ધાર, મોલડી, અમૃતવેલ, ખડકાળા, નાનાભમોદ્રા, કરજાળા, નેસડી, કાનાતળાવ, મોટાઝીંઝુડા, નાનાઝીંઝુડા, પીઠવડી, સેંજળ, વાંશીયાળી, ભોંકરવા, નાનીવડાળ, ભેંકરા, વિજયાનગર, હાથસણી, ધજડી, બાઢડા, ગાધકડા, લીખાળા, ડેડકડી, જાંબુડા, ખડસલી, લુવારા, જાબાળ, કૃષ્ણગઢ, સાકરપરા, વિજપડી, હાડીડા, ચિખલી, ભમ્મર, દોલતી, આંબરડી, બગોયા, ખોડીયાણા, આદસંગ, થોરડી, ઘાંડલા, વણોટ આ તમામ ગામોમાં લોકો, ભાજપા કાર્યકર્તાઓ તેમજ મહીલાઓ દ્વારા મંદિરોમાં, શેરીઓમા સફાઇ અભિયાન શરૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત લીલીયા તાલુકામાં લીલીયામોટામાં ભીડભંજન મહાદેવ, પંચમુખી હનુમાન, ભેંસવડી, વાઘણીયા ગામોમાં સફાઈ અભિયાન હાથ ધરાઈ છે ત્યારે ધારાસભ્યએ સૌ રામભકતોને ખુબ ખુબ જ અભિનંદન પાઠવેલ અને પોતાના ઘરો ઉપર, દુકાનો પર લાઈટીંગનો શણગાર કરવા તેમજ દિવાળીના સ્વરૂપમાં તા. ૨૦,૨૧,૨૨ ના દિવસોને મનાવવા વિનંતી સહ સુચન કર્યુ છે.

આ સમગ્ર આયોજનમાં સાવરકુંડલા તાલુકા અધ્યક્ષ જીવનલાલ વેકરીયા, મહામંત્રીશ્રીઓ નિતીનભાઈ નગદીયા, ચેતનભાઈ માલાણી, તેમજ શહેર ભાજપ અધ્યક્ષ પ્રવીણભાઈ સાવજ, મહામંત્રીઓ વિજયસિંહ વાઘેલા, રાજેશભાઈ નાગ્રેચા તેમજ નગરપાલીકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, ચેરમેન અશોકભાઈ ચૌહાણ તેમજ તમામ ન.પા. સદસ્યો તથા લીલીયા તાલુકા ભાજપ અધ્યક્ષ ભનુભાઈ ડાભી, મહામંત્રીઓ જીગ્નેશભાઈ સાવજ, ગૌતમભાઈ વિંછીયા, જીલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના સદસ્યો અને દેવદુર્લભ કાર્યકર્તાઓને ભારે જહેમત ઉઠાવી હતી તેમ સત્વ ''અટલધારા'' કાર્યાલયની યાદીમાં જણાવાયુ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૦ | ૧૨૭૫ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૪૧ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૯૫૧ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૫ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૧૮ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૫૧૬ |
| ૮ | ચણા | ૮૧૧ | ૧૦૦૦ |
| ૯ | સોયાબીન | ૮૦૦ | ૯૦૦ |
| ૧૦ | તુવેર | ૧૬૦૦ | ૧૯૬૦ |
| ૧૧ | એરંડી | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |

## યુવા સેનાનાં પ્રમુખનું સ્ફોટક નિવેદન રામલલ્લાની પ્રાણ–પ્રતિષ્ઠા રોકવાનો પ્રયાસ કરનારને ઓળખી લો

### ચૂંટણીમાં રામ વિરોધીઓનો થશે પરાજય

અમરેલી, તા. ૧૮

સમગ્ર હિંદુ સમાજના આરાધ્યદેવ ભગવાન શ્રી રામ અયોધ્યા ખાતે મંદિરમાં બિરાજમાન થવાના છે તેવા અવસે આયોજીત ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને રોકવાના પ્રયાસને રાક્ષસી પ્રવૃત્તિ સાથે સરખાવતા અમરેલીનાં યુવા અગ્રણી અને ગુજરાત યુવા સેનાના અધ્યક્ષ રમેશ શિંગાળાએ નિવેદન આપેલ છે.

નિવેદનમાં જણાવેલ છે કે, અલ્લાબાદ હાઈકોર્ટમાં અમુક તત્વો ધ્વારા અયોધ્યા ખાતેના ધર્મકાર્યને રોકવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આવા માણસોની ટોળી કયા પક્ષની છે તે સમાજ જાણે જ છે. સમાજમાં ફરતા આવા તત્વો જ હવનમાં હાડકા નાખી રહ્યા છે. પરંતુ તેને ખ્યાલ નહિ હોય કે આવા તત્વો ચૂંટણીઓમાં હણાય જવાના છે. રામ એ કોઈ વ્યકિતના નહિ પરંતુ સમગ્ર વિશ્વના છે આવા તત્વોનો વિનાશ પણ નજીક છે. તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલા પંથકમાં રામ મંદિર**

આહવાન કરેલ છે તેના અનુસંધાને તા. ૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યામાં જયારે ભગવાન શ્રી રામલલ્લા પોતાના ગર્ભગૃહમાં બિરાજમાન થશે તેના બે દિવસ પહેલાથી જ ઉત્સવોની તૈયારી ભારત દેશમાં થઈ રહી છે. ત્યારે પોતાના વિધાનસભા મત વિસ્તારમાં શ્રીરામ ભકતોને તા. ૨૦, ૨૧, ૨૨ જાન્યુઆરીમાં દરેક મંદિરોમાં પુજા અર્ચના, સાંસ્કૃતીક અને વિવિધ કાર્યક્રમો કરવાનું સુચન કર્યુ છે. ત્યારે ધારાસભ્યના સત્વ ''અટલધારા'' કાર્યાલય ખાતે બેઠકો કરવામાં આવેલ. આ બેઠકમાં રામ રથયાત્રા, ચિત્ર સ્પર્ધા, મહાઆરતી, મ્યુઝીક સ્પર્ધા, ભોજન પ્રસાદ, હનુમાન ચાલીસા તેમજ આતશબાજીનું આયોજન હોઈ જેના માટે ૩૦ જ્ઞાતીના આગેવાનો, સક્રીય મહિલાઓ, ડાંકટરો તેમજ ચેમ્બરઓફ કોમર્સ તથા ભગતસિંહ યુવા ગૃપ, સદભાવના ગૃપ, ગાયત્રી મંદિર, લાયન્સ કલબ, કાટા એસોસીએશન, ફટાકડા એસોસીએશન, ગારમેન્ટ એસોસીએશન, એકતા ગૃપ, દાસારામ યુવક મંડળ, નિર્દોષાનંદ આશ્રમ ગૃપ, ગાંધી ધરમશાળા, બાપા સિતારામ ગૃપ, લલ્લુબાપા શેઠ આરોગ્ય મંદિર, હિન્દુ યુવા સંગઠન, કર્મકાંડી બ્રાહમણ, સોની એસોસીએશન, વિરબાઈ ટિફીન સેવા, ઈન્ડીયન રેડક્રોષ, સર્મપણ ગૌસેવા, ગ્રાહક સુરક્ષા મંડળ, ખાણીપીણી એસોસીએશન, ગોવર્ધનનાથ હવેલી આ તમામ સાથે બેઠક કરી હતી અને ત્રિ દિવસિય કાર્યક્રમને સફળ બનાવવા માટે તનતોડ મહેનત કરવા તથા મંદિરોમાં, ગલીઓમાં, ઘરો પર તેમજ ઓફીસો, દુકાનો પર લાઈટીંગનો શણગાર કરવા અને હર્ષોલ્લાસથી રામલલ્લાના વધામણા કરવા હાંકલ કરી હતી. તેમ ''અટલધારા'' કાર્યાલયની યાદીમાં જણાવાયુ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૭૦ | ૧૪૬૫ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૮૫ | ૯૮૨ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૪૫ | ૧૪૪૯ |
| ૨ | મગફળી | ૮૧૫ | ૧૨૭૫ |
| ૩ | ઘઉં | ૫૪૫ | ૫૬૫ |
| ૪ | ધાણા | ૧૦૯૦ | ૧૧૪૫ |
| ૫ | સોયાબીન | ૬૮૦ | ૮૭૨ |
| ૬ | તુવેર | ૧૪૧૦ | ૧૭૧૫ |
| ૭ | મેથી | ૧૦૯૧ | ૧૦૯૧ |
| ૮ | તલ | ૨૪૩૧ | ૨૪૩૧ |
| ૯ | શીંગદાણા | ૧૫૫૦ | ૧૫૫૦ |

## અમરેલીનાં ગોપાલનગરમાં ઘુવડરાજનું દિવસે આગમન




અમરેલી, તા. ૧૮

અમરેલીના બ્રાહ્મણ સોસાયટીના ગોપાલનગર વિસ્તારમા સવારના ૧૦ વાગ્યાના સમયે નીશાચર પક્ષી ઘુવડ(બાલસ્વઢપ) આવી ચડ્યુ વિસ્તારવાસીઓમા કુતુહલ સર્જાયુ. એમ કહેવાય છે કે આ પક્ષી ને દિવસે કશું દેખાતું નથી છતાં પણ કઈ રીતે આવ્યું તે સમજાણું નહિ ખુલ્લા પ્લોટના વિસ્તારમાં આવી અને આજુબાજુની જાડી ઝાંખરમાં બેસી ગયું માણસો ભેગા થઈ ગયા પક્ષી ગભરાય કોલાહલ થતાં ચાર પાંચ કુતરા ઉપર થઈ જાડીમાં ફસાયો આ વિસ્તારના રહીશ હસુભાઈ રાજયગુરૂ એ પક્ષી પ્રેમી ભાઈને બોલાવી જાળીમાંથી સલામત બહાર કાઢી પાક ઉપર ઈજા કરેલ દોરો કાઢતા નજરે પડે છે કયાંથી સલામત સ્થળે પક્ષીની સારવાર માટે ઈલાજ માટે સોંપી આવ્યા.

## સાવરકુંડલાથી અયોધ્યા જઈ રહેલા મહંત નારણદાસ સાહેબને ભાવભરી વિદાય



સાવરકુંડલા, તા. ૧૮

અયોધ્યા ખાતે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના નુતન મંદિરનાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સાવરકુંડલા શહેરમાંથી નારણદાસ સાહેબને આમંત્રણ મળ્યું છે. સમગ્ર દેશમાંથી માત્ર ચાર હજાર જ સંતો મહંતોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જેમાં સાવરકુંડલાનાં કબીર ટેકરીનાં મહંત નારણદાસ સાહેબનો સમાવેશ થતાં સમગ્ર સાવરકુંડલા વાસીઓ વતી કબીર ટેકરીનાં મહંત પૂજય નારણદાસ સાહેબ અયોધ્યા જવા રવાના થઈ રહ્યા છે. ત્યારે સમગ્ર પંથકનાં ભાવિકજનો દ્વારા પૂજય નારણદાસ સાહેબને આજે સવારે સાવરકુંડલાનાં હૃદયમાં સમા મણીભાઈચોક ખાતેથી ભવ્ય શોભાયાત્રા રૂપે નારણદાસ સાહેબને અયોધ્યા જવા પ્રસ્થાન કરાવ્યું હતું.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૮૦ | ૧૪૫૬ |
| ૨ | મગફળી | ૧૨૦૦ | ૧૨૪૨ |
| ૩ | ચણા | ૮૮૫ | ૮૮૫ |
| ૪ | તલ સફેદ | ૨૭૭૫ | ૨૯૨૬ |
| ૫ | તલ કાળા | ૨૦૦૦ | ૨૩૫૧ |
| ૬ | બાજરો | ૪૯૫ | ૪૯૫ |
| ૭ | તુવેર | ૧૭૩૫ | ૧૯૦૦ |
| ૮ | અડદ | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ૯ | મકાઈ | ૪૦૫ | ૪૦૫ |

# અમરેલીનાં તપોવન આશ્રમની મુલાકાતે કોઠારી પૂ.ડો.સતવલ્લભ સ્વામી અને પવિત્ર જીવન સ્વામી




વડતાલ સ્વામિનારાયણ મંદિરનાં મુખ્યા કોઠારી પુજય ડો.શ્રી સંતવલ્લભ સ્વામી તથા પવિત્રજીવન સ્વામીએ સારહી યુથ કલબ સંચાલિત સારહી તપોવન આશ્રમની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને તપોવન આશ્રમનાં આયોજનની વિગત મેળવી તથા મુકેશભાઈ સંઘાણીની આગેવાનીમાં સારહી યુથ કલબ દ્વારા કરવામાં આવતી વિવિધ સેવાકીય પ્રવૃતિઓની માહિતી મેળવીને ખુબજ પ્રભાવિત થયા હતા અને આશીર્વાદ આપ્યા હતા. આ તકે શહેર ભાજપનાં પ્રમુખ ભાવેશભાઈ સોઢા, મહામંત્રી રાજેશભાઈ માંગરોલિયા, શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષારભાઈ જોશી, અમર ડેરીનાં જનરલ મેનેજર ધાર્મિકભાઈ રામાણી, લાઈન્સ કલબ ઓફ અમરેલી રોયલના પ્રમુખ દિવ્યેશભાઈ વેકરિયા, આરોગ્ય સમિતિનાં ચેરમેન હરિભાઈ કાબરિયા, ધર્મેશભાઈ વિસાવડિયા, જયદીપભાઈ કાબરિયા, તેમ સંસ્થાની યાદીમાં જણાવવામાં આવેલ છે.

### ગુજરાત ભાજપ કિસાન મોરચા દ્વારા

## ૮મી ફેબ્રુઆરીથી 'નમો અંત્યોદય સંપર્ક અભિયાન' થકી ખેત મજૂરો અને શહેરી શ્રમિકોનો સંપર્ક થશે

### રાજયનાં તમામ ગ્રામ્ય વિસ્તારમાં શ્રમિકોનો થશે સંપર્ક



અમરેલી, તા. ૧૮

ગુજરાત પ્રદેશ ભાજપનાં પ્રમુખ સી.આર. પાટિલનાં માર્ગદર્શન હેઠળ ગુજરાત ભાજપ કિસાન મોરચા ધ્વારા પંડિત દિનદયાલ ઉપાધ્યાય અને શ્યામા પ્રસાદ મુખર્જીનાં અંત્યોયનાં ધ્યેય સાથે ચાલતી ગુજરાત ભાજપ સરકાર અને કેન્દ્રમાં વિશ્વના લોકપ્રિય નેતા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ધ્વારા જનસામાન્ય માણસ, છેવાડાનાં સેવાથી વંચિત લોકના કલ્યાણ માટે શરૂ કરવામાં આવેલ વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ કલ્યાણકારી યોજનાઓના લાભો મેળવી તેના જીવનમાં આવેલ પરિવર્તન બદલ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યકત કરે છે. ત્યારે કિસાન મોરચા ગુજરાત ભાજપના પ્રમુખ હિતેષભાઈ પટેલનાં નેતૃત્વમાં તા. ૮ ફેબ્રુઆરીથી ૧૫ દિવસ માટે "નમો અંત્યોદય સંપર્ક અભિયાન" શરૂ થશે.

તા. ૮ ફેબ્રુઆરીથી શરૂ થનારા "નમો અંત્યોદય સંપર્ક અભિયાન" થકી ગુજરાતનાં તમામ ગામડાઓમાં વિવિધ સરકારી યોજનાઓના લાભ મેળવનાર ખેત મજૂરોનો સંપર્ક કરવામાં આવશે. જયારે શહેરી વિસ્તારમાં લાભાર્થી શ્રમિકોની મુલાકાત કરવામાં આવશે. શહેરી વિસ્તારોમાં શ્રમિક નાકાઓ, પોઈન્ટ ઉપર કિસાન મોરચા ધ્વારા આ કાર્યક્રમ થશે. ગુજરાત ભાજપ કિસાન મોરચાના પ્રદેશ, જિલ્લા, મહાનગર, મંડલનાં કાર્યકર્તાઓ ટીમો બનાવી આ જનસંપર્ક અભિયાન ચલાવશે. તેમ પ્રદેશ કિસાન મોરચાના પ્રદેશ મહામંત્રી સરદારભાઈ ચૌધરી અને પ્રદેશ મહામંત્રી હિરેન હિરપરાની અખબારી યાદીમાં જણાવાયું છે.

### કાઠી ક્ષત્રિય સમાજનાં અગ્રણી દ્વારા

## રાજુલાનાં તમામ મુખ્ય મંદિરમાં પંજરીનાં પ્રસાદનું વિતરણ કરાશે

### રામ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવને લઈને આયોજન

રાજુલા, તા. ૧૮

આગામી દ્વાદશીને તાઃ–૨૨/૦૧/૨૪ ના રોજ અયોધ્યાની પાવન ધરા ખાતે રઘુકુલ શિરોમણી શ્રી રામચંદ્ર ભગવાનનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાય રહ્યો છે, ત્યારે સમગ્ર રાજુલા નગરજનો મર્યાદા પુરૂષોતમ શ્રીરામચંદ્ર ભગવાનના પ્રતિષ્ઠા મહોત્સવ માટે પુર જોશથી તૈયારી કરી રહ્યા છે. ભારત દેશના તેમજ સમગ્ર વિશ્વના દરેક સનાતનિઓ આ પાવન અને દિવ્ય પ્રસંગે યતકિંચિત પોતાનો ફાળો આપી રહ્યા છે, ત્યારે દરેક સનાતનિ મહા ભાગ્યવાન કહી શકાય.

ખરેખર આવો અવસર સદીઓ બાદ આવ્યો છે, ત્યારે આ ભવ્ય દિવ્ય પ્રભુશ્રી રામચંદ્ર ભગવાનના પ્રતિષ્ઠા મહોત્સવમાં જે કાંઈ આપણે સહયોગી બની મર્યાદા પુરૂષોતમ શ્રીરામચંદ્ર ભગવાનને સમર્પિત થવું જોઈએ. તેવા હૃદયના ભાવ સાથે રાજુલા કાઠી ક્ષત્રિય સમાજના અગ્રણી મનુભાઈ એમ. ખુમાણ જણાવે છે.

## સાવરકુંડલા : આર.કે. સ્કૂલ અને પ્રિયાંશી પ્લે હાઉસનાં વિદ્યાર્થીઓનો પ્રવાસ યોજાયો



તસ્વીર : પ્રતાપ ખુમાણ–કેવલ વેલાણી–સા.કુંડલા

સાવરકુંડલા, તા. ૧૮

રાજકોટ ખાતે એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ પ્રદ્યુમ્ન ઝુ પ્રાણી સંગ્રહાલય, ફન વર્લ્ડ, રોટરી ડોલ્સ મ્યુઝિયમ, વોટ્સન મ્યુઝિયમ વગેરે સ્થળોએ શાળાનાં બાળકો આનંદ અને જ્ઞાન મળી તેવા સ્થળોની મુલાકાત શાળાનાં મેનેજિંગ ટ્રસ્ટી રાજેશભાઈ આસનાણી, પ્રિન્સીપાલ કોમલબેન આસનાણી દ્વારા સ્થળો અને તેમના વિશે જાણકારી આપી હતી.

### ૨૧મી જાન્યુઆરીએ ખોડલધામ કેન્સર હોસ્પિટલનું ખાતમુર્હૂત

## અમરેલી જિલ્લામાંથી મોટી સંખ્યામાં ભકતજનો કાગવડ ખોડલધામ મંદિર પહોંચશે

અમરેલી, તા.૧૮

સમગ્ર લેઉવા પટેલ સમાજના આસ્થાનું પ્રતિક એવા ખોડલધામ મંદિરને આગામી તા.૨૧ જાન્યુઆરીના રોજ સાત વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યાં છે. આ પ્રસંગે ખોડલધામ કેન્સર હોસ્પિટલના ભૂમિ પૂજન લઈને ખોડલધામ મંદિરે તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

ખોડલધામ ટ્રસ્ટ દ્વારા ત્રણ સંકલ્પ લેવામાં આવ્યા હતા. જેમાં આરોગ્ય, શિક્ષણ અને કૃષિ તેમાંનું એક આરોગ્ય સંકલ્પનું રાજકોટના અમરેલી પાસેના ખોડલધામ કેન્સર હોસ્પિટલનું ભૂમિ પૂજન ૨૧ જાન્યુઆરી રોજ થશે.

આગામી ૨૧ જાન્યુઆરીએ વહેલી સવારમાં ખોડલધામ ચેરમેન નરેશભાઈ પટેલની ઉપસ્થિતીમાં ૭ દિકરીઓના હસ્તે ભૂમિ પૂજન કરવામાં આવશે. આ ભૂમિ પૂજનનું લાઈવ ટેલિકાસ્ટ કાગવડ ખોડલધામ મંદિરે વિશાળ સ્કિન ઉપર પણ બતાવવામાં આવશે, ભૂમિ પૂજન બાદ ખોડલધામ મંદિર ખાતે સવારે ૯ થી ૧૧ વાગ્યા સુધી મહાસભાનું આયોજન કરવામાં આવ્યું છે. અંદાજીત બે લાખથી વધુ લેઉવા પટેલ સમાજ સહિત દેશ વિદેશથી ભક્તો ઉમટી પડશે, ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ એક મહિના સુધી દેશ વિદેશમાં આમંત્રણ આપવા માટે પ્રવાસ કર્યો હતો. જેમને લઈને હાલ ખોડલધામ મંદિર ખાતે સ્ટેજ, મંડપ સહિત કાર્યક્રમની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે, ૨૧ જાન્યુઆરીએ પાર્કિંગથી લઈને ત્રણ થી ચાર હજાર જેટલા સ્વયંસેવકો ખડેપગે રહેશે. આ પાટોત્સવ અને કેન્સર હોસ્પિટલના ભૂમીપૂજનને લઈ ભક્તોમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. રાજકોટના અમરેલી ગામે કેન્સરની હોસ્પિટલ બનવા જઈ રહી છે. જેથી ખાસ કરીને સૌરાષ્ટ્રના કેન્સરગ્રસ્ત દર્દીઓને આગામી સમયમાં અદ્યતન સુવિધાઓ પ્રાપ્ત થનાર છે. કાગવડ ખાતે યોજાનાર કાર્યક્રમમાં ભાગ લેવા માટે અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં ખોડલધામ કાગવડ જઈ કેન્સર હોસ્પિટલ ના ભૂમિપૂજનના સાક્ષી બનશે. ભક્તજનો બસ અને ખાનગી વાહનો દ્વારા ભુમીપૂજન કાર્યક્રમમાં પહોંચશે.


## ગૃહમાતા–૧ જોઈએ છે

આ સંસ્થા સંચાલીત માતુશ્રી કુંવરબાઈ કન્યા છાત્રાલય અમરેલી **(૧૨ એ, સર્વોદય સોસાયટી, ચિતલ રોડ, અંધશાળા સામે)** અનુ.જાતિની મહિલા ઉમેદવારથી જ ગૃહમાતા–૧ જગ્યા ભરવાની છે. તેની શૈક્ષણીક લાયકાત બી.એ. પાસ, ઉંમર ૧૮ વર્ષથી ઉપર અને ૫૮ વર્ષથી નિચે છે.

રસ ધરાવતા બહેનોએ પોતાના શૈક્ષણીક લાયકાત, જાતિ પ્રમાણપત્ર તથા અનુભવના અસલ પ્રમાણપત્રો સાથે રૂબરૂ મુલાકાત માટે તા.૦૫/૦૨/૨૦૨૪ને સોમવાર બપોરના ૧૨:૦૦ કલાકે ઉપરના સરનામે હાજર રહેવા વિનંતી છે.

(બી. કે. હેલૈયા)
પ્રમુખ
ડો. આંબેડકર વિદ્યોતેજક મંડળ
ભાવનગર


# અમરેલી જિલ્લા હિન્દુધર્મ સેનાનાં મહામંત્રીને અયોધ્યા જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતાં સન્માન થયું




મર્યાદા પુરૂષોત્તમ પ્રભુ શ્રી રામની જન્મ ભૂમિ અયોધ્યામાં ભવ્યાતી ભવ્ય શ્રી રામ મંદિરનું નિર્માણ થયું છે તા. ૨૨/૦૧/૨૦૨૪નાં શુભ દિવસે આ અલોકિક શ્રી રામજી મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે આ શુભ અને રૂડા અવસરે પરમ પૂજય શ્રી વિસામણ બાપુની જગ્યા વિહલધામનાં મહંત શ્રીશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળાબા ઉનડબાપુ તેમજ જગ્યાના સંચાલક પૂજય શ્રી ભયલુ બાપુને નિમંત્રણ પ્રાપ્ત થયું છે. પુ. શ્રી નિર્મળા બાના કૃપાપાત્ર અશ્વમેઘ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલીનાં પ્રમુખ શ્રી તથા અમરેલી જિલ્લા હિન્દુ ધર્મ સેનાનાં મહામંત્રી શ્રી રવિરાજભાઈ શેખવાને પણ પાળીયાદની જગ્યાના કૃપાપાત્ર તરીકે પૂ .શ્રી નિર્મળબાની પ્રેરક ઉપસ્થિતમા હાજર રહેવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આ રૂડા અવસરે શુભેચ્છા પાઠવતા અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, જીલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, નગરપાલિકા પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, શિક્ષણ સમિતિ ચેરમેન તુષારભાઈ જોશી, ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, અનાજ કરિયાણા એસોશિયેશનનાં પ્રમુખ ચતુરભાઈ અકબરી, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્નાં અધ્યક્ષ ડોકટર જી.જે.ગજેરા, મહિલા કોલેજ વાઈસ પ્રિન્સિપાલ ડો. બલભદ્રસિંહ ચુડાસમા, અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ પ્રમુખ ઈતેશભાઈ મહેતા, જીલ્લા ભાજપ મહામંત્રી મેહૂલભાઈ ધોરાજીયા, શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયા, નગરપાલિકા કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયા, જીલ્લા બ્રહ્મ સમાજ પ્રમુખ મુકુંદભાઈ મહેતા, સેખવા, દિનેશભાઈ પોપટ, ટીકુભાઈ વરૂ, ચતુરભાઈ પટેલ, મમતાબેન ત્રિવેદી, દિનેશભાઈ ભુવા, વેપારી મહામંડળનાં પ્રમુખ બીરજુભાઈ અટાળા, હિતેશભાઈ પોપટ, ડોકટર એસ.આર. દવે, ડો.ભાનુભાઈ કિકાણી સહિતનાં અનેક પદાધિકારીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. અને હજુ ઉતરોતર પ્રગતિ કરતા રહે તેવી હૃદય પૂર્વક શુભેચ્છા પાઠવતા નગરપાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા.

## જુદી–જુદી જ્ઞાતિ, વેપારી સંગઠનો, મહિલા મંડળ સાથે બેઠક યોજતાં ધારાસભ્ય કસવાલા

# સાવરકુંડલા પંથકમાં રામ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવનો ધમધમાટ

**આવતીકાલથી સતત ૩ દિવસ સુધી ચિત્ર સ્પર્ધા, મહાઆરતી, મ્યુઝીક સ્પર્ધા, ભોજન પ્રસાદ, હનુમાન ચાલીશા સહિતનાં કાર્યક્રમોનો પ્રારંભ**

**ભગતસિંહ યુવા ગૃપ, સદ્‌ભાવના ગૃપ, ગાયત્રી મંદિર પરિવાર સહિત વેપારી સંગઠનો સાથે બેઠકો શરૂ**

**મંદિર, રહેણાંક મકાનો, દુકાનો, કચેરીઓ ઉપર લાઈટીંગનો શણગાર કરવા આહ્‌વાન કર્યુ**

**ધારાસભ્ય મહેશ કસવાલાએ લીલીયા પંથકમાં પણ મહોત્સવની ઉજવણી કરવા આહ્‌વાન કર્યુ**





તસ્વીર: કેવલ વેલાણી, અહેવાલ: પ્રતાપભાઈ ખુમાણ–સાવરકુંડલા





સાવરકુંડલા, તા. ૧૮

સમગ્ર ભારત અત્યારે રામ બની રહયુ છે ત્યારે સાવરકુંડલાના પ્રથમ વખત ધારાસભ્ય બનેલા મહેશ કસવાલા કે જેઓ સાવરકુંડલાની જનતા માટે આશીર્વાદ સ્વરૂપ ચુંટાયા હોય તેવુ લાગી રહયુ છે. કારણ કે, તેઓ ધારાસભ્ય બન્યા પછી છેલ્લા ૧ વર્ષમાં સરકારમાંથી અઢળક ગ્રાન્ટો લાવેલ છે અને હાલ વધુ રકમ સાવરકુંડલાની જનતાના સુખાકારી અને સમૃધ્ધી માટે લાવવાના પ્રયાસ કરી રહયા છે. ત્યારે હાલ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતની જનતાને શ્રી રામલલ્લાના વધામણા કરાવવા માટે જે

(અનુસંધાન પાના ૬ ઉપર)

### સીટી પોલીસે ટ્રાન્સફર વોરન્ટથી કબ્જો મેળવ્યો

# અમરેલીનાં કે.કે. પાર્ક સોસાયટીમાં ચોરી કરનાર ર ઈસમોની રીમાન્ડની માંગ કરાઈ

**ચોરી થયેલ લેપટોપ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા. ૧૮

અમરેલી શહેરના લાઠી રોડ, કે.કે. પાર્ક સોસાયટી તથા ધરમનગર સોસાયટીમાં રહેણાંક મકાનોમાં થયેલ ઘરફોડ ચોરીના આરોપીઓ સંજય સુમનસીંગ વસનીયા, (રહે. મધ્યપ્રદેશ) તથા વિનોદ કાલુ મસાનીયા, (રહે. મધ્યપ્રદેશ) વાળાને ખંભાળીયા, (જી. દેવભુમી દ્વારકા) ખાતેથી ટ્રાન્સફર

(અનુસંધાન પાના ૬ ઉપર)




કાર્ડિયાક વિભાગ
Care is our culture
AIMS-એઈમ્સ
HOSPITAL-AMRELI
હોસ્પિટલ અમરેલી
જનરલ મેડિસિન વિભાગ

- 24X7 ફુલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
- હૃદયનો 2D/3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
- ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
- ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
- HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
- હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ/સ્ટેન્ટ મુકવું)
- પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
- હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર

ડૉ. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM,
DNB (Cardiology) Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ

આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી... એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ

- ડાયાબિટીશ, બી.પી., હાઈ કોલેસ્ટેરોલ વગેરે જેવા ક્રોનિક રોગોનું નિદાન તથા સારવાર
- દમ (અસ્થમા), સીઓપીડી, ટી.બી., ફેફસામાં પાણી ભરાવું, ન્યુમોનિયા, (Covid-19) કોવિડ, વગેરે રોગોનું નિદાન તથા સારવાર
- (સ્ટ્રોક) મગજનો હુમલો (પક્ષઘાત), ખેંચ, વાઈ, ચકકર આવવા વગેરે જેવા મગજના રોગોનું નિદાન તથા સારવાર
- મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા, ટાઈફોઈડ, બ્રુસેલા, કમળો વગેરે વિવિધ પ્રકારના તાવનું નિદાન તથા સારવાર
- કોલેરા, ઝાડા, ઉલટી, પેટનો દુ:ખાવો, એપેન્ડીક્ષ, પેનક્રીએટાઈસીસ-સ્વાદુપિંડનો સોજો, ઉલટીમાં લોહી આવવું વગેરે જેવા પેટના રોગોનું નિદાન તથા સારવાર
- પોઈઝન, સર્પદંશ, વીંછી કરડવો, ઈલેક્ટ્રીક શોક વગેરેનું નિદાન તથા સારવાર

ડૉ. કેયુર આર. કોટડીયા
MBBS, DNB MEDICINE, FID, CCEBDM,
FELLOW IN CRITICAL CARE
હૃદયરોગ અને ડાયાબીટીસની સારવારમાં નિષ્ણાંત

એઈમ્સ હોસ્પિટલ
બસ સ્ટેશનની સામે, અમરેલી.
(02792) 222060 - 7610810827



આમ આદમીનું અખબાર
અમરેલી amreli express એક્સપ્રેસ


અમરેલી એક્સપ્રેસ
અમરેલીનાં માર્કેટયાર્ડમાં લાલચટક મરચાની ભરપૂર આવક

સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક

આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
વાર્ષિક
લવાજમ યોજના
૨૦૨૪
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

સાવરકુંડલામાં
એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે
કેવલ વેલાણી (સાવરકુંડલા)
સાવરકુંડલા શહેરમાં "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.
કેવલ વેલાણી
મો. ૯૯૯૮૭ ૭૮૨૮૧–સાવરકુંડલા

લવાજમની મુદ્દત
તા.૦૧–૦૧–૨૦૨૪
થી
તા.૩૧–૧૨–૨૦૨૪

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)